ભાવિ તરફ લઈ જતો માર્ગ

₹ ૧૫/-



# પ્રભુ અર્પણ

માર્ચ - ૨૦૧૬

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

# Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

*

અમે પૃથ્વી ઉપર અતિમનસના અવતરણની જ માત્ર ધારણા કરી છે એવું નથી. પરંતુ એ અતિમનસ અહીં અતિમાનસિક જાતિમાં મૂર્ત સ્વરૂપ ધારણ કરે અને સાથોસાથ એ અવતરણનાં સર્વ સ્વાભાવિક પરિણામો પણ પ્રાપ્ત થાય જેમાં નૂતન માનવજાતિ પોતાનો સંપૂર્ણ વિકાસ સિદ્ધ કરી શકે તેમ જ એ પોતે નૂતન જાતિમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી શકે એવી ધારણા પણ અમે કરેલી છે.

શ્રી અરવિન્દ

(SABCL 16 : 60)

## સાચી વાત

સાચું કહું તો, હાલ પૃથ્વી ઉપર એક તક ઊભી થઈ છે. હજારો વર્ષો પછી આ તક આવી મળી છે. એ છે જરૂરી શકિત સાથેની સચેતન સહાય. અગાઉ એમ માનવામાં આવતું હતું કે કર્મનાં પરિણામોને ભૂંસી નાખવાની શકિત કશામાં ન હતી. સંચિત કર્મને શુદ્ધિકરણ કરતાં કર્મોની હારમાળા વડે જ માનવ પૂરાં કરી શકે, એ કર્મનાં ફળ રૂપાંતર પામે કે ખર્ચાઈ જઈ શકે અથવા સાફ થઈ જઈ શકે. પરંતુ અતિમાનસ શક્તિની સહાયથી આ જ વસ્તુ મુકિતની પ્રક્રિયાનાં બધાં જ સોપાનો સર કર્યા સિવાય સંભવી શકે છે.

શ્રી માતાજી

(CWM : 15 : 392-94)

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

માર્ચ - ૨૦૧૬ વર્ષ : ૦૨ અંક : ૩

# અનુક્રમ

ભાવિ તરફ લઈ જતો માર્ગ ૦૬

* * *

વૃત્ત વિશેષ ૩૧

**સંપાદકીય નોંધ :** ૨૯ ફેબ્રુઆરીના રોજ થયેલ અતિમનસ અવતરણની જાહેરાત શ્રી માતાજીએ એપ્રિલ ૧૯૫૬ના બુલેટિનમાં બે સંદેશાઓ દ્વારા કરી હતી :

> પ્રભુ આપે સંકલ્પ કર્યો છે અને હું તેને સાકાર કરું છું.
> પૃથ્વી ઉપર એક નવીન પ્રકાશ પ્રગટી રહ્યો છે,
> એક નવીન જગત જન્મ પામ્યું છે,
> જે જે વસ્તુનાં વચન અપાયાં છે તે બધી સિદ્ધ બની છે.

*

> પૃથ્વી ઉપર અતિમાનસનો આવિર્ભાવ થશે એ હવે માત્ર એક વચન રૂપે જ નથી રહ્યું. એ હવે એક જીવતી હકીકત, એક વાસ્તવિક સત્ય બની રહ્યું છે.
> એ અતિમનસ હવે અહીં કામ કરી રહેલું છે અને એક દિવસ એવો આવશે કે જ્યારે જગતના અંધમાં અંધ માણસોને, તેમ જ જે લોકો આ વસ્તુને સ્વીકારવાને લેશ પણ તૈયાર નથી તેવાઓને પણ તેનો સ્વીકાર કરવાની ફરજ પડશે.

હવે આપણે માટે જે પ્રશ્ન એકદમ પ્રસ્તુત છે તે એ કે આ નૂતન આવિર્ભાવમાં આપણે કેવી રીતે ભાગ ભજવી શકીએ; કેવી રીતે આપણે એની સાથે સહકાર સાધી શકીએ ? આ પથ સમગ્રતયા નૂતન પથ છે. એ છે અણધારી અને અનિશ્ચિત વસ્તુઓથી સભર માર્ગ. જગતમાંથી નાસી છૂટવા પર એકાગ્ર એવી જૂની રસમો અને પદ્ધતિઓ હવે પ્રમાણભૂત રહી નથી. સિવાય કે તમે આ મહાન વિશ્વલીલા — જે વિશ્વલીલાનો આરંભ ઈશ્વરમાંના આનંદના આવેગ દ્વારા થયો હતો — માંથી નીકળી જવા માગતા હો. પૃથ્વી અને માનવોને આપવામાં આવેલો આ નૂતન યોગ છે, ચેતના અને આનંદનું આ નૂતન સાહસ છે; ભાવિ પરત્વેનો નૂતન માર્ગ છે. પ્રસ્તુત અંક આ નૂતન પથને સમર્પિત કરવામાં આવ્યો છે. આ નૂતન પથ છે. પૃથ્વીના આધ્યાત્મિક ઈતિહાસમાં અભૂતપૂર્વ અને એકદમ મંત્રમુગ્ધ કરી દેતી યાત્રા.



## માત્ર એક જ સલામતી

માત્ર એક જ સલામતી છે : ભગવાનને વળગી રહેવું, આ પ્રમાણે (જોરથી મુઠ્ઠી વાળવાની ક્રિયા) વ્યક્તિ પોતે જેને ભગવાન માને તેને વળગવાનું નહિ, વ્યક્તિને જે ભગવાન લાગે તેને પણ નહિ.... એક અભીપ્સા ...શક્ય એટલી સાચી અભીપ્સા અને એને વળગી રહેવાનું.

શ્રી માતાજી

(CWM 11 : 262)

# ભાવિ તરફ લઈ જતો માર્ગ

**બુધવારના સમૂહધ્યાન દરમિયાન (૨૯-૨-૧૯૫૬)**

આજે સાંજે તમારી વચ્ચે પ્રભુનું દિવ્ય સાંનિધ્ય, મૂર્ત અને સ્થૂલ રૂપે આવીને હાજર થયું હતું. મારું સ્વરૂપ સજીવન સોનાનું હતું. એ બ્રહ્માંડ કરતાં વધુ મોટું હતું. અને મારી સામે એક વિરાટ અને પ્રચંડ સોનેરી બારણું આવી રહ્યું હતું અને તે જગતને પરમાત્માથી અલગ પાડી રહ્યું હતું.

એ બારણા ઉપર હું દૃષ્ટિ માંડી રહી હતી ત્યાં, ચેતનાના એક જ સ્ફુરણમાં મને એ જ્ઞાન થઈ આવ્યું અને મેં સંકલ્પ કર્યો કે 'સમય આવી પહોંચ્યો છે,' અને મારા બંને હાથ વડે મેં એક પ્રચંડ સોનેરી હથોડો ઊંચકીને એ બારણા ઉપર ઘા કર્યો, એક જ ઘા, અને એ બારણું ભાંગીને ભુક્કા થઈ ગયું.

અને પછી અતિમાનસનો પ્રકાશ અને શક્તિ અને ચેતના પૃથ્વી ઉપર એક અસ્ખલિત પ્રવાહમાં નીચે ધસી આવ્યાં. (CWM 13 : 51)

*

**પ્રભુ, તમારે મારી પાસે જે કરાવવું હતું તે મેં કર્યું છે**

મારા પ્રભુ, મારી પાસે તમારે જે કરાવવું હતું તે મેં કર્યું છે. અતિમાનસનાં દ્વારો ખુલ્લાં મુકાયાં છે અને અતિમાનસ ચેતના, પ્રકાશ અને શક્તિનું પૂર પૃથ્વી ઉપર વહી રહ્યું છે...

હવે જ્યારે અતિમાનસ પૃથ્વી ઉપર છે — કારણ તેને વિશે મને પૂરેપૂરી ખાતરી છે. ભલે પછી પૃથ્વી ઉપર તેને વિશે સભાન માત્ર હું એકલી જ કેમ ન હોઉં. — તેનો અર્થ શું એમ થાય કે આ (મારા) સ્વરૂપનું કાર્ય પૂર્ણ થયું છે ? અને આ સ્વરૂપનું સ્થાન અન્ય સ્વરૂપ લઈને કાર્ય ચાલુ રાખશે ? હું આપની સમક્ષ હે પ્રભુ, આ પ્રશ્ન રજૂ કરું છું અને આપના ઉત્તરની માગણી કરું છું. આપ એવી નિશાની આપો જેથી હું નિશ્ચિતપણે એ જાણી શકું કે આ કાર્ય હજુ મારે જ કરવાનું છે અને સર્વ વિરોધો તેમ જ નકારો હોવા છતાં મારે એ કાર્ય ચાલુ રાખવું જ જોઈએ.

નિશાની ગમે તે હોય, એનું મહત્ત્વ નથી — પરંતુ એ સ્પષ્ટ હોવી જોઈએ.

(CWM 13 : 56)

*

**હવે એ આશા નહિ, નિશ્ચિતતા છે**

હવે મને ખાતરી થઈ ચૂકી છે કે શ્રી અરવિનદ જે અપેક્ષા રાખે છે તે આપણે સિદ્ધ કરી શકીશું, તે હવે આશા રહી નથી પણ ખાતરી બની ચૂકી છે. આપણા વ્યક્તિગત પ્રયાસ ઉપર, આપણી એકાગ્રતા ઉપર, આપણી સદ્‌ભાવના ઉપર તે આધાર રાખે છે અને તે અનુસાર તે સિદ્ધિ વહેલી કે મોડી પ્રાપ્ત થશે. આપણે તે સિદ્ધિને મહત્ત્વ આપીએ તો તે જલ્દી સિદ્ધ થાય. બેધ્યાન રીતે જોનારને વસ્તુઓ પહેલાં હતી તેવી જ લાગે. પણ જેને જોતાં આવડે છે, જે દેખાવો

વડે ઠગાતો નથી, તેને તો એમ જ લાગવાનું કે વસ્તુઓ બરાબર ચાલે છે. જો દરેક જણ શ્રેષ્ઠ પ્રયત્ન કરે તો થોડાં જ વર્ષોમાં દૃષ્ટિગોચર થાય તેવાં પ્રથમ પરિણામો આવે.

જગતમાં બીજી કોઈ વસ્તુ કરતાં આમાં તમને વધારે રસ છે કે કેમ તે મારે જાણી લેવાનું છે.

*

## આને માટે જરૂરી એવી અભીપ્સા

એવી એક ક્ષણ આવે છે કે જ્યારે શરીરને પોતાને લાગે છે કે આ રૂપાંતર સિદ્ધ કરવા માટે જીવવા કરતાં જગતની બીજી કોઈ વસ્તુ વધારે મહત્ત્વની નથી; આ રૂપાંતરમાં ઉત્કટ રસ લેવા કરતાં વધારે રસ બીજા કશામાં નથી. શરીરનાં બધાં કોષાણુઓને પ્રગટ થવા માગતા પ્રકાશ માટે ખૂબ તરસ લાગતી હોય છે, તેઓ તેને માટે માગ પોકારી રહ્યાં હોય છે, તેમને તેમાં ખૂબ આનંદ પડતો હોય છે, વિજય માટે તેમને ખાતરી હોય છે.

હું તમારામાં આ અભીપ્સા લાવવા માગું છું. તે સિવાયનું જીવનમાં બધું જ નીરસ છે, શુષ્ક છે, પ્રકાશમાં રૂપાંતરની સરખામણીમાં તુચ્છ છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૧૮૩)

*

## પ્રગતિ માટે ઉત્કટ સંકલ્પ અનિવાર્ય છે

આ સહકાર્યના પાયામાં પરિવર્તન માટેનો સંકલ્પ ખૂબ જ અનિવાર્ય છે. માણસે જેવો પોતે છે એવો ન રહેવાનો, વસ્તુઓ જેવી છે તેવી ન રહેવી જોઈએ તે પ્રકારનો સંકલ્પ કરવાનો છે. તેને પ્રાપ્ત કરવાની અનેક પદ્ધતિઓ છે. જ્યારે તેઓ સફળ બને છે ત્યારે તે બધી સારી જ છે એમ કહી શકાય ! માણસ પરિસ્થિતિથી ખૂબ કંટાળી ગયો હોય, તે બધામાંથી બહાર આવવાની ઉત્કટતા સેવતો હોય, બીજી કોઈક વસ્તુ પ્રાપ્ત કરવા ઇચ્છતો હોય; અને વધારે વિધાયક રીત તો આ છે કે તેને પોતાની અંદર કોઈક સુંદર અને સાચી વસ્તુનો સ્પર્શ લાધ્યો હોય તથા રાજીખુશીથી બીજી બધી વસ્તુઓ છોડી દેવાની તેનામાં ઇચ્છા પ્રગટી હોય, જેથી આ નવીન સત્ય અને સૌન્દર્ય પ્રત્યેની તેની યાત્રામાં કોઈ પણ વસ્તુ બોજારૂપ ન બને.

દરેક કિસ્સામાં અનિવાર્ય વસ્તુ છે પ્રગતિ માટે ઉત્કટ સંકલ્પ, પ્રગતિમાં રૂકાવટ નાખનારી બધી વસ્તુઓનો હર્ષપૂર્વક, રાજીખુશીથી ત્યાગ, પ્રગતિમાં રૂકાવટ કરતી સર્વ વસ્તુઓને ફગાવી દેવી, એવી ઉત્કટ શ્રદ્ધાથી આ જ્ઞાનમાં ચાલી નીકળવું કે આ જ આવતી કાલનું સત્ય છે, તે અનિવાર્ય છે. કોઈ પણ વસ્તુ, કોઈ પણ માણસ, પ્રકૃતિનો બૂરો સંકલ્પ પણ તેને વાસ્તવિકતા બનતાં રોકી શકે એમ નથી, કદાચ નજીકના ભવિષ્યમાં જ તે વાસ્તવિકતા આવી રહેવાની છે. તે વાસ્તવિકતા સાકાર બને એટલા માટે કાર્ય ચાલી રહેલું છે, જે લોકોને પરિવર્તન કેમ કરવું તે આવડે છે, જેઓ જૂની ટેવોના ભાર નીચે દબાઈ ન રહેવું તે જાણતા હોય છે. આવા લોકો ચોક્કસ અતિમનસને માત્ર જોવા પૂરતી જ નહિ, પણ તેનો સાક્ષાત્કાર કરવા પણ ભાગ્યશાળી બનશે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૧૫૨-૫૩)

## રૂપાંતર સિદ્ધ કરવાના ત્રણ રસ્તા

રૂપાંતરનો આ પ્રશ્ન, હું વધુને વધુ સ્પષ્ટ રીતે જોઉં છું કે એ માટેના ત્રણ રસ્તા છે, આગળ વધવાની ત્રણ રીતો છે અને એને પૂરેપૂરું સિદ્ધ કરવા માટે આ ત્રણેને ભેગાં કરવાનાં રહે છે.

એમાંની પહેલી રીત, સ્વાભાવિક રીતે જ એ સૌથી વધારે મહત્ત્વની રીત છે અને તેને 'આધ્યાત્મિક' કહી શકાય; એ એવી છે કે એમાં પરમ ચેતના સાથે — પ્રેમ-ચૈતન્ય-શક્તિ, હા, એ એ પ્રમાણે છે — આપણે સંપર્કમાં આવવાનું રહે છે. પરમ ચેતનાનાં આ ત્રણ સ્વરૂપો છે : પરમ પ્રેમ-ચૈતન્ય-શક્તિ, અને તેની સાથે સંપર્ક, તદ્રૂપતા : બધા સ્થૂલ કોષો પેલા तद् ને ઝીલી શકે તેવા એ तद् ને અભિવ્યક્ત કરી શકે તેવા બનાવવાના છે — तद् રૂપે બની રહેવાનું છે.

બધાંયે સાધનોમાં આ સૌથી વધુ સમર્થ સાધન છે અને અત્યંત અનિવાર્ય સાધન છે.

બીજી રીત તે ગુહ્ય વિદ્યાની છે, એ વિદ્યા બધી અંતરાલ સૃષ્ટિઓને લઈ આવે છે. આમાં ત્યાં જે બધી શક્તિઓ અને વ્યક્તિતાઓ રહેલી છે, જે બધા અંતરાલ પ્રદેશો રહેલા છે તે સર્વનું ઘણું જ વિગતવાર જ્ઞાન મળી આવે છે અને આ પદ્ધતિ એ બધાંનો ઉપયોગ કરે છે. આ રીતમાં આપણે અધિમનસના દેવોનો ઉપયોગ કરીએ છીએ. આ બધું બીજી રીતમાં બને છે. શિવ, કૃષ્ણ, મા ભગવતીનાં બધાં સ્વરૂપો આ બીજી રીતનો ભાગ બની રહે છે.

અને પછી એક ઊર્ધ્વ પ્રકારની બૌદ્ધિક રીત છે. એમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉપરના એવા એક આત્મતત્ત્વને બહાર લાવવામાં આવે છે. એ આત્મા પ્રશ્નને નીચેની બાજુએથી હાથમાં લે છે અને આ રીતનું મહત્ત્વ પણ રહેલું છે. વિગતવાર કાર્યની દૃષ્ટિથી જોતાં આ પદ્ધતિ આપણને અસ્પષ્ટતાઓ ઘટાડી આપે છે અને એક વધારે સીધું અને ચોક્કસ કાર્ય લઈ આવે છે.

આ ત્રણેને જો ભેગાં કરી શકાય તો દેખીતી રીતે જ વસ્તુ વધારે વેગથી બનવા લાગે.

પહેલી વસ્તુ સિવાય તો કાંઈ જ બની શકે તેમ નથી, એના વિના બીજાં બે તો ભ્રાંતિરૂપ પણ બની જાય છે : એ બે તમને ક્યાંય પહોંચાડતાં નથી, તમે કશી નિશ્ચિતતા વિના ગોળગોળ ફર્યા જ કરો છો. પરંતુ પહેલી વસ્તુ ઉપર તમે આ બીજાં બેને ઉમેરી શકો તો હું ધારું છું કે કાર્ય ખૂબ જ વધારે ચોક્કસ અને સીધું તથા વેગવાન બને છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૬૩-૬૪)

*

## શ્રદ્ધાની શક્તિ

માનવ-ચેતનાનો જે ભાગ અતિમનસ્ સાથે જોડાવા સમર્થ છે, પોતાની જાતની મુક્તિ મેળવવા સમર્થ છે, તેનું તો પરિપૂર્ણ રૂપાંતર થઈ જશે. તે ભાવિ વાસ્તવિકતા પ્રત્યે પ્રગતિ કરી રહ્યો હોય છે, જે હજી બાહ્ય રૂપમાં અભિવ્યક્ત થયો હોતો નથી. જે ભાગ પ્રકૃતિની ખૂબ ખૂબ વધારે નજીક છે, પશુની સરલતાની ખૂબ પાસે છે તે પ્રકૃતિમાં પાછો મળી જશે; પ્રકૃતિ તેનું પૂર્ણ આત્મસાત્કરણ કરી લેશે. પણ માનવચેતનાનો દુષિત ભાગ, જે મનના દુરૂપયોગ દ્વારા વિકૃતિને

આવવાની છૂટ આપે છે, તે તો દૂર થશે જ. આ પ્રકારનો માનવ એક નિષ્ફળ પ્રયાસ છે, જેને દૂર કર્યે જ છૂટકો, જેવી રીતે બીજી નિષ્ફળ જાતિઓ વૈશ્વિક ઇતિહાસના ક્રમમાં અદૃશ્ય બની ગઈ છે તેમ.

ભૂતકાળના કેટલાક પયગંબરોમાં આ નિગૂઢ દર્શના હતી પણ સામાન્ય રીતે બને છે તેમ વસ્તુઓ સંમિશ્રિત હતી. તે પયગંબરોને પોતાની નિગૂઢ દર્શનાની સાથે સાથે અતિમાનસિક જગતનું દર્શન થયું ન હતું, જે જગત સંમતિ આપનાર માનવોનું ઊર્ધ્વીકરણ કરવા માટે અને આ ભૌતિક જગતનું રૂપાંતર કરવા માટે આવશે. એટલે માનવ ચેતનાના આ વિકૃત ભાગમાં જન્મેલા લોકોને આશા આપવા માટે તેમને શ્રદ્ધા દ્વારા ઉદ્ધારનો માર્ગ બતાવ્યો. પદાર્થતત્ત્વમાં ભગવાને પોતાનું જે બલિદાન આપ્યું છે તેમાં શ્રદ્ધા રાખનાર લોકોનો બીજા જગતમાં ઉદ્ધાર થશે; પણ તે માત્ર શ્રદ્ધા દ્વારા જ, સમજ્યા વગર, બુદ્ધિ વગર. તે પયગંબરોએ અતિમાનસ જગત જોયું નથી. તેઓ એ પણ સમજ્યા નથી કે પદાર્થતત્ત્વમાં ભગવાને પોતાની જાતનું આપેલું મહાન બલિદાન તે પોતાની અવક્રાન્તિ છે, જેની સિદ્ધિ પદાર્થતત્ત્વમાં પોતામાં ભગવાનના સમગ્ર પ્રાગટ્યમાં થવી જોઈએ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૨૭૭-૭૮)

*

## અતિમાનવતાના ઉમેદવાર

ચોક્કસ, તેમાં અસંખ્ય આંશિક સાક્ષાત્કારો હશે. દરેક જણની શક્તિ અનુસાર, રૂપાંતરની માત્રા ભિન્ન ભિન્ન હશે. તે વાત ચોક્કસ છે કે તેમાં ઘણા પ્રયાસો હશે, જે ઓછાવત્તા પ્રમાણમાં સફળ અથવા નિષ્ફળ નીવડ્યા હશે. પછી જ આપણે કાંઈક અતિમાનવ સમીપ જઈ શકીશું અને તે પણ ઓછાવત્તા પ્રમાણમાં થયેલા પ્રયાસો જ હશે.

જે લોકો પોતાની સામાન્ય પ્રકૃતિ પર વિજય મેળવવા માગે છે; દિવ્ય સત્ય સાથે તેમનો સંપર્ક સાધી આપનાર, ગહનતર અનુભૂતિને ભૌતિક રીતે સિદ્ધ કરવા માટે પ્રયાસ કરે છે, પરાત્પરમાં અથવા ઉચ્ચતમમાં વળવાને બદલે જેઓ પોતામાં સિદ્ધ થયેલા ચેતનાના પરિવર્તનને શારીરિક રીતે, બાહ્ય રીતે સિદ્ધ કરવા પ્રયાસ કરે છે તે બધા ઉમેદવાર અતિમાનવો છે. તેમના પ્રયાસોની સફળતામાં અસંખ્ય ભેદો હોય છે. જ્યારે જ્યારે આપણે સામાન્ય માનવી મટી જઈને, સામાન્ય જીવન ન જીવતાં, આપણી ગતિઓમાં, કાર્યોમાં, પ્રતિકાર્યોમાં દિવ્ય સત્યને અભિવ્યક્ત કરવાનો પ્રયત્ન કરીએ છીએ, સામાન્ય અજ્ઞાન વડે શાસિત થવાને બદલે આપણે જ્યારે તે સત્ય વડે શાસિત થવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપણે ઉમેદવાર અતિમાનવો હોઈએ છીએ; આપણા પ્રયાસોની સફળતા અનુસાર આપણે વધારે કે ઓછા ઉમેદવારો હોઈએ છીએ, માર્ગ પર વધારે કે ઓછા આગળ વધ્યાં હોઈએ છીએ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૩૭૭)

*

## માત્ર મનોમય કુતૂહલ પૂરતું નથી

હંમેશાં શબ્દો અને વિચારો સાથે રમત કરતા માનસિક કુતૂહલ વચ્ચે અને સાચી રીતે

વધારે મહત્ત્વની સત્ય અભીપ્સા વચ્ચે મહાન તફાવત છે. તેવી અભીપ્સા જ ખૂબ મહત્ત્વની છે, બીજું કાંઈ જ નહિ. તે અભીપ્સાને તે સાક્ષાત્કાર જ વધારેમાં વધારે મહત્ત્વનો લાગતો હોય છે, તે સાક્ષાત્કાર સિવાય અસ્તિત્વમાં બીજું કશું જ મૂલ્યવાન નથી એમ તેને લાગતું હોય છે. જો માણસને અતિ-માનસિક શક્તિ નગ્ન આંખો વડે જોવી હોય, તો તેવી અભીપ્સાની જરૂર રહે છે.

પણ છતાં ચેતનાનું કાર્ય, આત્મ-પ્રભુત્વ, શરીર પર કાબૂ, વસ્તુઓનું સીધું જ્ઞાન, તાદાત્મ્ય કરવાની શક્તિ અને સ્પષ્ટ દર્શના — આ બધું આવવું જોઈએ. માત્ર છેતરામણા, અસત્ય, જડ બની ગયેલા આભાસોને જોનારી અસ્પષ્ટ દૃષ્ટિ ચાલી જવી જોઈએ; તેને સ્થાને સીધી આંતર દર્શના આવવી જોઈએ. જો માણસ તૈયાર હશે તો આ બધું તેનામાં ઝડપથી આવશે.

માણસને એમ અનુભવાવું જોઈએ કે જે હવા હું શ્વાસમાં લઈ રહ્યો છું તે વધારે જીવંત છે, મારામાં જે બળ છે તે વધારે સ્થાયી છે. શું કરવું જોઈએ તે જાણવા માટે, આંધળા માણસની પેઠે ફાંફાં મારવાને બદલે, માણસમાં સ્પષ્ટ, નિશ્ચિત, આંતર સૂચન પ્રાપ્ત થવું જોઈએ. તે જાણી શકતો હોવો જોઈએ કે આ વસ્તુ સાચી છે, પેલી નહિ.

જો માણસ તૈયાર હોય તો અમુક વસ્તુઓ તે તરત પ્રાપ્ત કરી શકે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૮ : ૧૯૧-૯૨)

*

### અતિમાનવત્વના ઉમેદવાર થવા માટે

તમે જો અતિમાનવત્વના એક ઉમેદવાર હો તો તમારે અહંને પતાવી નાખવા નિર્ણય કરી લેવો જોઈએ, તેનાથી પર થઈ જવું જોઈએ; કારણ કે, જ્યાં લગી તમે તેને તમારી સાથે રાખશો ત્યાં લગી તમારે માટે અતિમનસ્ કંઈક અજ્ઞાત અને અગમ્ય રહેશે.

પરંતુ જો તમે પ્રયાસ કરીને નિયંત્રણ દ્વારા ક્રમશઃ પ્રગતિશીલ પ્રભુત્વ દ્વારા તમારા અહંને તમારી સત્તાના એક નાનામાં નાના અંશમાં પણ પાર કરી જઈ શકો, તો તમારામાં ક્યાંક એક નાની બારી ખૂલી જશે. અને પછી એમાંથી ધ્યાનપૂર્વક જોશો તો અતિમનસની કંઈક ઝાંખી થઈ શકશે. એ વિશે હું તમને ખાતરી આપું છું. તમને એની ઝાંખી થશે તો એ એટલું બધું સુંદર લાગશે કે બીજું બધું જતું કરવા તમે તરત તત્પર થઈ જશો... અહં વિશેનું સઘળું !

પણ એક બાબત ધ્યાનમાં રાખો. હું તમને એમ નથી કહેતી કે અતિમાનસિકતાની ઝાંખીને માટે તમારે અહંમાંથી સંપૂર્ણ મુક્ત થઈ જવું જોઈશે; એ તો અશક્ય જ છે. ના, ના, તેમાંથી મુક્ત થવું એટલે ક્યાંકના અલ્પાંશમાંથી સહેજ સાજ, તમારા સત્તાના કોઈ એક ખૂણામાંથી; જો મન અને પ્રાણની વાત હોય તો ઘણું સારું. પરંતુ જો આકસ્મિક રીતે — અરે, એમ નહિ, — વારંવાર પ્રયાસ દ્વારા તમે જો તમારા ચૈત્ય પુરુષના સંપર્કમાં આવી ગયા, તો પછી બારણું ખૂલી ગયું એમ સમજો. એ ચૈત્ય સત્તા દ્વારા તમે એકાએક ખૂબ સ્પષ્ટ અને સુંદર રીતે

અતિમનસ્ શું છે તેનું દર્શન કરી શકશો; માત્ર દર્શન, સાક્ષાત્કાર નહીં. એ એક માટું કામ થઈ ગયું. પરંતુ આ પ્રકારના ચૈત્ય સત્તાના સાક્ષાત્કાર, આ સુંદર સાક્ષાત્કાર લગી ન જઈએ અને ધારો કે તમારાં મન કે પ્રાણના કોઈ એક ભાગને પણ મુક્ત કરવામાં તમે સફળ થયા તો, એને લઈને બારણામાં એક બાકોરું થશે, એક ચાવી લગાવવાનું છિદ્ર, અને એ છિદ્ર દ્વારા તમને ઝાંખી મળે, એક નાની સરખી ઝાંખી અને એ પણ એક ઘણી આકર્ષક, ઘણી રસપ્રદ વાત થઈ.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૨૬૩-૬૪)

*

## લવચીકતા, વિસ્તૃતીકરણ અને સંપૂર્ણ સમતા

પ્રથમ તો, માનસિક રીતે જોતાં સાબરની વાર્તામાં મેં કહ્યું છે તે મુજબ, સંપૂર્ણ સમતા એ અતિમાનસની સાથેના સંબંધને માટેની પહેલી જરૂરની વસ્તુ છે. આ એક અનન્ય આવશ્યકતા છે. ૧૯૫૬ પછી હું વરસો લગી સતત જોતી આવી છું કે આ સંપૂર્ણ સમતાની સ્થિતિ જો નથી હોતી તો પછી કોઈ પણ અતિમાનસ આંદોલન આપણી પાસે આવી શકતું નથી. આપણામાં આ સમતાની વિરુદ્ધની જરા સરખી પણ વસ્તુ હોય, આપણામાં અહંકારની જો સહેજ અમસ્તી પણ ક્રિયા હોય, અહંકારમાંથી થતી કોઈ પણ પસંદગી હોય, તો પછી પેલું આંદોલન આપણામાંથી પસાર થતું નથી, એ આપણી પાસે આવતું નથી, અને આ એક જ વસ્તુ તો ઘણી ઘણી મોટી મુશ્કેલી છે.

સાક્ષાત્કારને સંપૂર્ણ કરવા માટે આ ઉપરાંત બીજી પણ બે વસ્તુઓ જરૂરની છે અને તે પણ સહેલી નથી. આ વસ્તુઓ બુદ્ધિની ભૂમિકા ઉપર અઘરી નથી (હું અહીં દરેક જણાની વાત કરતી નથી, પણ જે લોકો યોગ કરતા હોય છે અને કોઈક સાધનાને અનુસરતા હોય છે તેમને વિશે કહું છું), બુદ્ધિની ભૂમિકા ઉપર એ પ્રમાણમાં સહેલી છે, એની સાથે જો સમતા જોડી દેવામાં આવે તો માનસિક ભૂમિકા ઉપર પણ એ બહુ અઘરી નથી રહેતી. પણ તમે જ્યાં જડતત્ત્વની ભૂમિકા પર આવો છો, એટલે કે સ્થૂલની ભૂમિકા ઉપર અને પછી શરીરની ભૂમિકા ઉપર, ત્યાં પછી એ વાત જરા પણ સહેલી રહેતી નથી. આ બે વસ્તુઓ આ પ્રમાણે છે : પહેલું તો, તમારામાં વિસ્તારની શક્તિ, વિશાળ બનવાની, કહો કે લગભગ અનિશ્ચિત હદ સુધી વિસ્તાર પામવાની શક્તિ હોવી જોઈએ. આવી શક્તિ જો હોય તો તમે અતિમાનસ ચેતનાના વિસ્તાર જેટલો વિસ્તાર પામી શકો છો. અને એ ચેતના તો સમગ્ર વિશ્વની ચેતના છે. અતિમાનસ ચેતના એ પરમાત્માના પૂર્ણ રૂપની ચેતના છે, — 'પ્રભુનું પૂર્ણ રૂપ' એટલે કે પ્રભુનું આવિર્ભાવ પામેલું સ્વરૂપ એમ મારું કહેવું છે. ઊર્ધ્વ દૃષ્ટિથી જોઈએ તો, મૂળ તત્ત્વની દૃષ્ટિથી જોઈએ તો, (એટલે કે અતિમાનસ પોતે આવિર્ભાવમાં જે રૂપ લે છે તે મૂળ તત્ત્વની રીતે જોતાં), સ્વાભાવિક રીતે જ, આપણામાં પ્રભુ સાથે, એમના આવિર્ભાવ પામેલા સ્વરૂપની અંદર જ નહિ, પણ પ્રભુનું આવિર્ભાવથી પર, જે સ્થિર, નિર્વાણમય રૂપ છે, નિર્વૈયક્તિતા છે તેની સાથે પણ તદ્રૂપ થઈ જવાની શક્તિ આવવી જોઈએ. અને આ ઉપરાંત, બીજી જરૂરની વસ્તુ તે પ્રભુ

વિશ્વરૂપે જે આવિર્ભાવ પામી રહ્યા છે તેની સાથે પણ તદ્રૂપ થઈ જવાની શક્તિ આવવી જોઈએ. આમાં પછી બે વસ્તુઓ રહે છે : પ્રથમ તો એક વિસ્તારની ક્રિયા, મેં કહ્યું તેમ કાંઈ નહિ તો અનિશ્ચિત હદ સુધીની તો ખરી જ, અને તેની સાથે સાથે જ એક સંપૂર્ણ ઋજુતા–મુલાયમતા. આ ઋજુતા હોય તો જ આપણે પ્રભુ જે આવિર્ભાવ કરી રહેલા છે તેમાં તેમની સાથે સાથે જઈ શકીએ છીએ. અને આ વિશ્વ જેટલા વિશાળ બનવાની ક્રિયા તે અમુક જ ક્ષણે કરવાની છે એમ નહિ, પ્રભુના આ આવિર્ભાવમાં તમારે સાવ અનિશ્ચિત હદ સુધી વિશાળ થતા જવાનું છે. આ રીતની એ બે વસ્તુઓ છે, અને તે માટેની શક્યતા તમારામાં હોવી જોઈએ.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : ૧૨૭-૨૮)

*

## સંપૂર્ણ સમતુલા અને સમર્પણની જરૂરિયાત

આ નિષ્કર્ષો પરથી, ખૂબ સાબિતી આપી શકે તેવી અને સ્પષ્ટ બાજુ કે જેનો આવિર્ભાવ કદાચ પ્રથમ થયો હશે તે શક્તિની બાજુ હશે, આનંદની કે સત્યની નહિ. પૃથ્વી પર નવીન જાતિ સ્થાપિત બને તે માટે તેનું બીજાં પાર્થિવ તત્ત્વોથી રક્ષણ કરવાની જરૂર રહેશે, જેથી તે જીવી શકે. શક્તિ એ રક્ષણ છે : કૃત્રિમ, બાહ્ય અને જૂઠી શક્તિ નહિ, પણ સાચું બળ, વિજયી સંકલ્પ. એટલે એમ વિચારવું અશક્ય નથી કે અતિમાનસ કાર્ય સંવાદિતાનું, પ્રકાશમયતાનું, આનંદનું અને સૌન્દર્યનું બને તે પહેલાં તેણે શક્તિનું કાર્ય બનવું પડશે, જેથી તે રક્ષણ કરી શકે. સ્વાભાવિક રીતે જ, આ શક્તિનું કાર્ય સાચી રીતે અસરકારક બને તે માટે, તેને જ્ઞાનના, સત્યના, પ્રેમના, અને સંવાદિતાના પાયા પર સ્થાપિત કરવું પડશે, આ બધી વસ્તુઓ ધીમે ધીમે, જ્યારે સમ્રાગ્ર સંકલ્પનું અને શક્તિનું કાર્ય ભૂમિકા તૈયાર કરશે ત્યારે જ પ્રગટ થઈ શકશે.

આમાંની શ્રેષ્ઠ વસ્તુ શક્ય બને તે માટે, પ્રથમ તો પરિપૂર્ણ સમતુલાનો પાયો હોવો જોઈએ, જે સમતુલાને માત્ર અહંતાનો અભાવ, પરમાત્માને પરિપૂર્ણ સમર્પણ, સાચી વિશુદ્ધિ, અને પરમાત્મા સાથે તાદાત્મ્ય જ આપી શકે છે. આ પરિપૂર્ણ સમતાના પાયા સિવાય, અતિમાનસ શક્તિ જોખમરૂપ છે. સાધકે કોઈ પણ કારણસર તે શક્તિના નાનામાં નાના અણુને પણ નીચે ખેંચી લાવવાની ઇચ્છા ન કરવી જોઈએ. તેના નાનામાં નાના અણુમાં પણ એવું બળ અને ભયંકરતા હોય છે, કે જે સમગ્ર પદ્ધતિની (શરીર, પ્રાણ, મન, બુદ્ધિની) સમતુલામાં ભંગ પાડી દે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૨૨૬-૨૭)

*

## સાચું વલણ

**પ્રશ્ન : તો અત્યારે સાચું વલણ તે આપણે થઈ શકીએ તેટલા પારદર્શક થવાનો પ્રયત્ન કરવો એ પ્રમાણે જ હોય ને ?**

સૌથી વિશેષ તો આપણે આત્મવિશ્વાસ રાખવાનો છે. જડતત્ત્વમાં મોટી મુશ્કેલી એ છે કે સ્થૂલ ચેતના (એટલે કે જડતત્ત્વમાં રહેલું મન) મુશ્કેલીઓના દબાણ હેઠળ રચાયેલી છે —

મુશ્કેલીઓ, વિઘ્નો, વેદનાઓ, સંઘર્ષો. કહો કે આ બધી વસ્તુઓ દ્વારા એને 'ઘડવામાં' આવી છે. અને એણે તેના ઉપર એક છાપ મૂકી આપી છે, લગભગ નિરાશાભાવની, પરાજયભાવની, અને ખરેખર એ સૌથી મોટામાં મોટું વિઘ્ન છે.

મારા પોતાના કામમાં હું આ વસ્તુ વિશે સભાન બની રહી છું. જે સૌથી વધુ સ્થૂલ એવી ચેતના છે, સૌથી વધુ સ્થૂલ પ્રકારનું જે મન છે તેને ચાબુકના પ્રહાર મળે ત્યારે જ તે કામ કરે, પ્રયત્ન કરે, પ્રગતિ કરે એવો તેને અભ્યાસ પડેલો છે. આમ ન થાય તો એ પછી તમસ રૂપ બની જાય છે. અને પછી, એ જેટલા પ્રમાણમાં કલ્પના કરે છે તેટલા પ્રમાણમાં તેને હંમેશાં મુશ્કેલીની જ કલ્પના આવે છે — હંમેશાં એને વિઘ્ન દેખાય છે, હંમેશાં એને વિરોધ દેખાય છે, અને એ વસ્તુ ગતિને ભયંકર રીતે મંદ કરી નાખે છે. એને તમારે ખાતરી કરાવવી હોય કે એની સર્વ મુશ્કેલીઓની પાછળ પ્રભુની કૃપા આવી રહેલી છે, એની સર્વ નિષ્ફળતાઓની પાછળ વિજય આવી રહેલો છે, એનાં સર્વ દુઃખો અને વેદનાઓની પાછળ, આ બધા વિરોધોની પાછળ આનંદ આવી રહેલો છે, તો તે માટે ઘણા નક્કર અનુભવોની, ઘણા સ્પર્શક્ષમ અને ઘણી વાર ફરી ફરીને થતા રહેતા અનુભવોની જરૂર રહે છે. બધી સાધનાઓમાં આ સાધના વધુમાં વધુ વાર ફરી ફરીને કરવાની રહે છે, આખોયે વખત તમારે નિરાશાભાવને કે શંકાને કે નર્યા પરાજયમાં રાચતી કલ્પનાને અટકાવવી પડે છે કે દૂર હઠાવવી પડે છે, યા તો તેનું રૂપાંતર કરવાનું રહે છે...

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૨-૩)

*

## સાચું વલણ સંજોગો કરતાં વધુ મહત્ત્વનું છે

માણસ જ્યારે બીજા લોકોમાં સંપૂર્ણતા આવે તેની રાહ જોવાને બદલે સ્વાભાવિક રીતે પોતાની જાતને જ સંપૂર્ણ કરવાને લાગી જશે ત્યારે એક મોટું પગલું ભરાયેલું બનશે...આ દિશાપલટો થઈ જવો એ જ બધી સાચી પ્રગતિનો પાયો છે. માણસમાં રહેલી વૃત્તિ : એ તો પરિસ્થિતિનો દોષ છે, લોકોનો દોષ છે, અમુકનો દોષ છે.... આ આવો છે, પેલો તેવો છે, પેલો વળી.... અને આ બધું અંત વિના ચાલતું રહે છે. **પહેલું પગથિયું**, સૌથી પહેલું પગથિયું એ છે કે તમે એમ કહો : હું જો મારે જેવા હોવું જોઈએ તેવો હોઉં, અથવા તો જો આ શરીર એણે જેવું હોવું જોઈએ તેવું હોય તો એને માટે બધું પૂરેપૂરું બરાબર થઈ જશે. પ્રગતિ કરવાને માટે, તમારે જો બીજાઓ પ્રગતિ કરે તેની રાહ જોવાની રહે, તો તમારે કશોયે અંત ન આવે ત્યાં સુધી રાહ જોવી પડશે. દરેક ઠેકાણે સૌથી પહેલી આ જ વસ્તુને પહોંચાડી દેવા જેવી છે. બીજાઓ ઉપર કે સંજોગો ઉપર કદી પણ દોષ ન મૂકશો, કારણ કે સંજોગો ભલે ગમે તેવા હોય, ખરાબમાં ખરાબ દેખાતા હોય તેવા પણ હોય, પણ તમે જો સાચું વલણ ધારણ કરશો અને સાચી ચેતના રાખશો તો તમારી આંતરિક પ્રગતિ માટે એ વસ્તુઓ જરા પણ મહત્ત્વની રહેશે નહિ, જરા પણ મહત્ત્વની નહિ — હું આ કહું છું, અને એમાં મૃત્યુને પણ હું સમાવી લઉં છું.

ખરેખર આ જ પાઠ પહેલો શીખવાનો લાગે છે.

(મૌન)

શ્રી અરવિન્દે લખ્યું હતું (હું છૂટથી ભાષાંતર કરું છું) કે પાપનો ખ્યાલ પ્રગતિમાં વેગ લાવવા માટે ઊભો કરવામાં આવ્યો હતો, અને તરત જ (હસતાં હસતાં) માણસને બીજા બધા લોકોમાં પાપ દેખાવા લાગ્યું — એને પોતાની અંદર કદી દેખાયું નહિ ! શ્રી અરવિન્દનું વાક્ય ખૂબ મજાનું છે, પણ મને તે યાદ નથી આવતું.* (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૨૨૫-૨૬)

*

## સાચું વલણ સર્વ કંઈ બદલી નાખે છે

આ વસ્તુ એટલા બધા પ્રમાણમાં બનતી રહે છે કે અમુક પ્રકારનાં આંદોલનો તમને આરામ આપે છે તો અન્ય પ્રકારનાં આંદોલનો તમને તદ્દન બીમાર કરી નાખે છે ! અને એમાં એક જ આંદોલન હોય છે. એવી બધી વસ્તુઓ બને છે, આપણે દિઙ્મૂઢ બની જઈએ એવી વસ્તુઓ બને છે. અને દરેક મિનિટે એમ થાય છે — દરેક મિનિટે, દરેક વસ્તુ માટે.

એટલે પછી, અહીં જે ચેતના છે તે અમુક પ્રકારનું વલણ ધારણ કરે છે અને એને લઈને સર્વ કાંઈ આનંદમય અને સંવાદપૂર્ણ બને છે; વસ્તુ તો એની એ જ રહે છે, પણ પછી (શ્રી માતાજી જરાક ડાબી બાજુએ ઢળવાનો અભિનય કરે છે) ચેતનાના વલણમાં જરાક જેટલો ફેર થાય છે, અને આખીયે વસ્તુ અસહ્ય બની રહે છે ! આખો વખત, આખો વખત, આવા અનુભવો થતા રહે છે... અને એ આપણને બતાવી આપે છે કે કેવળ એક જ વસ્તુ અગત્યની છે, અને તે છે ચેતનાનું વલણ : વ્યક્તિ સ્વરૂપનું જૂની ઢબનું વલણ (શ્રી માતાજી પોતાની તરફ સંકુચન પામવાનો અભિનય કરે છે) અથવા પેલું (વિસ્તૃતીકરણનો નિર્દેશ), (આપણે જો આ વસ્તુને શબ્દોમાં મૂકવી હોય તો) એમ કહી શકીએ કે કાં તો અહંભાવની હાજરી ચાલુ રહે અથવા તો પછી એનો વિલય કરવામાં આવે, એટલી જ વાત છે. અને પછી, મેં જેમ કહ્યું તેમ, જીવનનાં બધાં કાર્યોમાં — પછી તે તદ્દન સામાન્ય પણ હોઈ શકે — જો અહંભાવને ચલાવી લેવામાં આવે (અલબત્ત, એ શું વસ્તુ છે તે તમને બતાવી આપવા માટે), તો પછી એમાંથી તંદુરસ્તીમાં સમતુલાનો ભંગ થાય છે, અને એનો ઇલાજ કેવળ અહંભાવને વિદાય આપવાનો રહે છે — અને એની સાથે માંદગીને પણ વિદાય મળી જાય છે. આપણે જે વસ્તુઓને તદ્દન બિન-અંગત ગણીએ છીએ, તદ્દન.... અને આમ બધું સર્વ વસ્તુઓ માટે, દરેક વસ્તુ માટે, સર્વ સમયે, આખો વખત, દિવસ અને રાત્રી દરમ્યાન ચાલુ રહે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૨૩૬-૩૭)

*

* ૬૮ — 'માણસને પોતાની અપૂર્ણતાઓ પ્રત્યે ઘૃણા થઈ આવે તેટલા માટે પાપના વિચારની જરૂર હતી. અહંકાર માટે એ પ્રભુએ આપેલું સુધારક તત્ત્વ હતું. પરંતુ માણસનો અહંકાર પ્રભુની યુક્તિને જે રીતે સ્વીકારે છે તેમાં તે તેનાં પોતાનાં પાપો વિશે બહુ મંદ રીતે જાગૃત બને છે અને બીજાઓનાં પાપો માટે ઘણો તીવ્ર રીતે જાગૃત બને છે.' (થૉટ્સ ઍન્ડ ઍફોરિઝમ્સ)

## નિરાશાવાદ-સેતાનનું હથિયાર

**હા, કારણ કે થોડા વખતથી મને બહુ જ નિરાશા અનુભવાતી હતી.**

એ વલણ ખરાબ છે.

**મારું પોતાનું વલણ એવું ન હતું, પણ, એ જાણે કે એક નિરાશાનું વાતાવરણ ચડી આવતું હતું.**

જેને જેને ભગવાન જોઈતા નથી હોતા તે બધાં આ વાતાવરણ ખાસ હેતુપૂર્વક ઊભું કરે છે, જેમને ભગવાન જોઈતા હોય છે તેમને નિરુત્સાહિત કરવાને માટે. તમારે એના પર ધ્યાન જ ન આપવું જોઈએ, ન જ આપવું જોઈએ.એ સેતાનની રીત છે, નિરાશાવાદ એ સેતાનનું હથિયાર છે અને એ પોતાની પરિસ્થિતિ સમજી લેતો હોય છે.... (હલાવવાની ક્રિયા). તો, હું જે વસ્તુને શક્ય જેવી જોઉં છું તે જો સિદ્ધ બની જાય તો, એ વિરોધી શક્તિઓ ઉપર એક નિશ્ચયાત્મક વિજય બની રહેશે — કુદરતી રીતે જ, એ પોતાનું બનતું બધું રક્ષણ કરે છે... એ હંમેશાં સેતાન હોય છે, જે ક્ષણે તમને નિરાશાવાદની પૂંછડી પણ દેખાય તો તે સેતાન હોય છે. એ એનું મોટું હથિયાર છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૨૭૨)

*

## વ્યક્તિએ ખૂબ ધીર બની રહેવું જોઈએ

હું માનું છું કે મેળવેલા પરિણામને જો કાયમી બનાવવું હોય તો — એ કોઈ ચમત્કાર જેવું પરિણામ નહિ કે જે આવે, આપણને દંગ કરી નાખે અને પાછું ચાલ્યું જાય — પણ એ સાચેસાચ એક રૂપાંતર રૂપી પરિણામ બનવું જોઈએ. આપણે બહુ જ, બહુ જ ધીરજ રાખવાની છે. આપણે એક એવી ચેતના સાથે કામ લેવાનું છે કે જે ખૂબ જ ધીમી છે, ખૂબ જ ભારે, ખૂબ જ જિદ્દી છે. એ બહુ વેગપૂર્વક આગળ વધી શકતી નથી, એ એની પાસે જે કંઈ છે, એને જે વસ્તુ સત્ય તરીકે દેખાય છે તેને તે વળગી રહેતી હોય છે; એ સાવ નાનકડું સત્ય હોય તો પણ તેને તે વળગી રહે છે અને ગતિ કરવા માગતી નથી. તો એ વસ્તુને મટાડવા માટે તમારી પાસે ખૂબ ધીરજ, ખૂબ ધીરજ હોવી જોઈએ.

આખી વસ્તુ માત્ર એક જ છે : પકડી રહો, સહન કરી લો.

શ્રી અરવિન્દે એ વસ્તુ અનેક વાર અનેક રીતે કહી છે : **'સહન કરી લો અને તમે જીતશો....વેઠી લો — વેઠી લો અને તમે હરાવી શકશો.'**

જે વધુમાં વધુ સહનશક્તિ ધરાવે છે તેને વિજય મળે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૪)

*

## અગાઉથી બાંધી લીધેલા મતને વળગી ના રહો.

તો આમાં આપણે સારામાં સારું તો એ જ કરી શકીએ કે આપણે કોઈ પણ પક્ષ ન લઈએ, પહેલેથી ગોઠવેલા વિચારો કે સિદ્ધાંતો ન રાખીએ — અને ઓ ! એ નીતિના નિયમો, આચારના ગોઠવેલા નિયમો, માણસે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ, અને નૈતિક

દૃષ્ટિબિંદુમાંથી, પ્રગતિના દૃષ્ટિબિંદુમાંથી તેમ જ બધી સામાજિક અને માનસિક રૂઢિઓ.... એ બધાંના કરતાં વધુ ખરાબ વિઘ્ન બીજું કોઈ જ નથી. એવા માણસો છે, હું એવા માણસોને ઓળખું છું કે જેમણે આવી કોઈ એક જ માનસિક રચનામાંથી બહાર નીકળવામાં કેટલાય દસકા ગુમાવ્યા છે !.... આપણે જો આવા થઈ શકીએ, ખુલ્લા – સરળ ભાવે સાચેસાચ ખુલ્લા, એવી સરળતા કે જે પોતે અજ્ઞાન છે એમ જાણતી હોય છે – આની માફક (આત્મસમર્પણને ઉપરની દિશા તરફ બતાવવાની ક્રિયા), જે કાંઈ આવે તેને સ્વીકારવા માટે તૈયાર. તો પછી કાંઈક બની શકે છે. અને સ્વાભાવિક રીતે જ, આપણામાં જો પ્રગતિ માટેની તરસ હોય, જ્ઞાન માટેની તરસ હોય, રૂપાંતર માટેની તરસ હોય અને, સૌથી વિશેષ તો, પ્રેમ અને સત્ય માટેની તરસ હોય તો, આ બધું જો ટકાવી શકાય તો, આપણી ગતિ વધારે ઝડપથી થાય છે. સાચેસાચ એક તરસ, એક ભૂખ, એક ભૂખ.

એ સિવાયની બીજી તમામ વસ્તુઓને કશું મહત્ત્વ નથી, આપણે એ જ વસ્તુની જરૂર છે. આપણે અમુક વસ્તુ જાણીએ છીએ એમ માનતા હોઈએ તેને વળગી રહેવું, આપણે અનુભવતા હોઈએ તેને વળગી રહેવું, આપણે ચાહતા હોઈએ તેને વળગી રહેવું, પોતાની ટેવોને વળગી રહેવું, આપણી કહેવાતી જરૂરિયાતોને વળગી રહેવું, આ જેવા છે તેવા જગતને વળગી રહેવું, આ બધું તમને બાંધી રાખે છે. એ બધું તમારે એક પછી એક છોડી નાખવાનું છે. બધી ગાંઠો છોડી નાખો.... અને આ વસ્તુ હજારો વાર કહેવાઈ છે અને લોકો એની એ જ વસ્તુ કરવાનું ચાલુ રાખે છે.... જે લોકો ખૂબ જ છટાદાર વક્તા હોય છે અને આ વસ્તુનો બીજાઓને ઉપદેશ કરતા હોય છે તેઓ પણ ખરેખર વ-ળ-ગી રહેતા હોય છે, એ લોકો પોતાની જોવાની રીતને વળગી રહેતા હોય છે, પોતાની લાગણી અનુભવવાની રીતને, પ્રગતિ કરવાની પોતાની ટેવને વળગી રહેતા હોય છે, એમને માટે તો એ જ માત્ર એક રીત હોય છે. બંધનમાં નહિ – મુક્ત, મુક્ત, મુક્ત. હરેક ચીજને બદલી નાખવા માટે હંમેશાં તૈયાર, માત્ર એક જ વસ્તુ નહિ બદલવાની : અભીપ્સાને, આ તરસને.

*

## ભગવાન માટેની તરસ

હું એ વાત સારી રીતે સમજી શકું છું, કેટલાક લોકોને 'ભગવાન'નો વિચાર ગમતો નથી હોતો, કેમ કે, એ વિચાર તરત જ યુરોપમાં અથવા તો પશ્ચિમમાં ભગવાન વિશેના જે બધા ખ્યાલો છે (અને એ તો બધા ભયંકર છે) તેની સાથે ભળી જતો હોય છે, અને એમાંથી પછી તેમના જીવનમાં કાંઈક ગૂંચવણ ઊભી થાય છે – પણ તમારે એ વસ્તુની જરૂર નથી ! આપણે તો પેલી 'કોઈક' વસ્તુની જરૂર છે, પ્રકાશની જરૂર છે, પ્રેમની જરૂર છે, સત્યની જરૂર છે, પરમ પૂર્ણતાની જરૂર છે – અને એમાં બધું આવી જાય છે. સૂત્રો – જેટલાં ઓછાં સૂત્રો હોય તેટલું વધુ સારું. પણ પેલી વસ્તુ, એક ભૂખ, એને તો માત્ર પેલી વસ્તુ જ સંતોષી શકે તેમ હોય છે – બીજું કાંઈ જ નહિ, કશું અર્ધું-પર્ધું પગલું નહિ, માત્ર એ જ. અને પછી, ચાલવા માંડો !....

તમારો રસ્તો તે તમારો જ હશે, એનું કાંઈ મહત્ત્વ નથી — એ રસ્તો ગમે તે હોય, રસ્તાનું કાંઈ મહત્ત્વ નથી. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૬થી ૮)

*

## મુશ્કેલીઓ વિશે વિચારવાને બદલે કૃપા વિશે વિચારો

જ્યારે કાર્ય કરતી શક્તિ વધારે બળવાન, વધારે આગ્રહી હોય છે ત્યારે સ્વાભાવિક રીતે જ વિરોધી વસ્તુ વધારે બળપૂર્વક વિરોધ કરે છે. અહીં મારે તમને થોડી અણ-ગમતી વસ્તુ કહેવાની છે. તમારી નાનકડી મુશ્કેલીઓથી, નાનકડી અગવડોથી, તમારી નાનકડી પ્રતિકૂળતાઓથી, તમારી ''મોટી'' ત્રુટિઓથી મંત્ર-મુગ્ધ બની જવાને બદલે, જો તમે બીજી બાજુ જોવાનો પ્રયત્ન કર્યો હોત કે તે શક્તિ કેટલી બધી વધારે બળવાન છે, ભગવાનની કૃપા કેટલી બધી વધારે સક્રિય બની રહેલી છે, તેમની મદદ કેટલી બધી સ્પર્શ-ગમ્ય છે, જો તમે જરાક થોડા અહંતા-પૂર્ણ હોત, તમારી જાત પર થોડાક ઓછા કેન્દ્રિત હોત, જો તમારી અંગત વાતો પર જ માત્ર ધ્યાન આપવાને બદલે તમે જરાક વધારે વિશાળ દૃષ્ટિ રાખી હોત, તો આ સમસ્યા પરત્વેનું તમારું દૃષ્ટિબિન્દુ પલટાઈ ગયું હોત.

હું તમને આમ કરવાની સલાહ આપું છું. તમે મેં કહેલા ઉપાયને અજમાવશો ત્યાર પછી આપણે આને વિશે વધુ વાત કરીશું. તમારી જાત માટે વધારે પડતો વિચાર ન કરો.

કદાચ અત્યારે આ સમસ્યામાં તમને રસ છે, પણ સાચે જ તેમાં તમને સૌથી વધારે રસ તો નથી જ ! (શ્રી માતૃવાણી ગ્રંથ ૮ : ૨૦૫)

*

મને એ અનુભવ અંશરૂપે તો ક્યારનો થઈ ગયો હતો, કે આપણે જ્યારે આંતરિક સંવાદિતાની આ અવસ્થામાં હોઈએ છીએ અને આપણું ધ્યાન લેશ પણ શરીર તરફ જતું નથી, ત્યારે શરીર પૂરેપૂરું સરસ રીતે કામ કરતું રહે છે. આ જે.... 'સ્વ-એકાગ્રતા' છે એ જ બધું ઊંધુંચતું કરી નાખે છે. અને આ વસ્તુ મેં ઘણી વાર જોઈ છે, ઘણી વાર.... ખરી રીતે તો, આપણે પોતે જ પોતાને માંદા પાડીએ છીએ. તે ચેતનાની સંકુચિતતા હોય છે, વિચ્છેદ હોય છે. તમે જો એને કામ કરવા દો.... આમ તો દરેક જગાએ એક ચેતના અને એક કૃપા આવી રહેલી છે અને બધું જ સરસ રીતે ચાલે તેટલા માટે તે બધું જ કરતી હોય છે અને આ જે મૂર્ખતા આવી રહેલી છે તેને લીધે જ બધું બગડી જાય છે — વિચિત્ર જ છે ! અહં-કેન્દ્રિત મૂર્ખતા, એ વસ્તુને, શ્રી અરવિન્દ 'પુરાણો માનવ' કહે છે.

ખરેખર આ રસિક વસ્તુ છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૨૨૩-૨૪)

*

## સમર્પણ અને વિશ્વાસ શાન્તિ સ્થાપી આપે છે

.... પણ આમાં જે મહત્ત્વની વસ્તુ છે તે વલણ છે, પરિણામો એ મહત્ત્વની વસ્તુ નથી

(મને ખાતરી છે કે અગવડો એ કાંઈ અનિવાર્ય વસ્તુઓ હોતી નથી). વલણ એ વસ્તુ મહત્ત્વની છે. તો, આ પ્રમાણે હોવું જોઈએ (ખૂલેલા હાથની ક્રિયા). ખરી રીતે તો, મેં પોતે જોયું છે કે ભગવાનને કરેલા સમર્પણમાં મોટા ભાગના દાખલાઓમાં ભગવાનમાં વિશ્વાસની વસ્તુ હોતી નથી — કારણ કે તમે ભગવાનને સમર્પણ કરો છો, તમે કહો છો : 'તમે મને દુઃખ આપશો તો પણ હું મારી જાતનું સમર્પણ કરું છું,' પરંતુ આમાં વિશ્વાસનો તો પૂરેપૂરો અભાવ છે ! હા, એ ખરેખર રમૂજ આપે તેવું છે કે સમર્પણમાં વિશ્વાસ **આવી જતો નથી હોતો**; વિશ્વાસ એ કોઈ બીજી ચીજ છે, એ.... એક પ્રકારનું જ્ઞાન છે, એક 'અવિચલ' એવું જ્ઞાન, કે જેને કાંઈ પણ ક્ષુબ્ધ કરી શકતું નથી — દિવ્ય ચેતનામાં જે વસ્તુ રહેલી છે.... સંપૂર્ણ શાંતિ, તેને મુશ્કેલીઓ, વેદનાઓ અને દુઃખના રૂપે બદલી નાખવાનું કામ આપણે કરતાં હોઈએ છીએ. આ નાનકડું રૂપાંતર આપણે સિદ્ધ કરતાં હોઈએ છીએ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૨૯૬)

*

## સ્વસ્થતા અને શાન્તિનો કોશેટો

....આખીયે વસ્તુ માત્ર એક જ છે — અવિચલ રહો. અને અવિચલ રહેવા માટે મને માત્ર એક જ માર્ગ જડ્યો છે, અને એ છે સ્વસ્થતા, આ આંતરિક સ્વસ્થતા — અને એ સ્વસ્થતા વધુને વધુ... સંપૂર્ણ થવી જોઈએ, કેવી રીતે કહેવું ?.... સંગ્રામ જેમ વધુને વધુ સ્થૂલ રૂપ લેતો જાય તેમ તેમ તે સંપૂર્ણ બનવી જોઈએ.

છેલ્લા થોડા વખતથી (ખાસ કરીને તો ૧ જાન્યુઆરીથી) વિરોધી શક્તિઓનો એક રીતનો તોપમારો ચાલી રહ્યો છે. એ ઝનૂનમાં આવી ગઈ છે, જાણે કે એવે વખતે તમને આની માફક અનુભવ થવો જોઈએ (માતાજી મૂર્તિની માફક સ્થિર બની જાય છે), બસ એટલું જ. અને તમે જ્યારે શારીરિક રીતે બહુ હચમચી ઊઠ્યા હો ત્યારે તમારે શરીર પાસેથી બહુ માગણી ન કરવી જોઈએ, એને તમારે ખૂબ પ્રમાણમાં શાંતિ આપવી જોઈએ, ખૂબ આરામ આપવો જોઈએ.

તમને પણ એ જ વસ્તુ થઈ રહી છે અને જે લોકો કામ કરી રહ્યા છે તેમને પણ થઈ રહી છે, એ જ મુશ્કેલી છે. એટલા માટે જ હું તમને કહું છું કે, એમાં કાંઈ વાંધો નથી, તમારે જો શરીરમાં રોકાઈ રહેવું પડતું હોય તો વાંધો નહિ; માત્ર **એનો લાભ લઈ લો** — એ રીતે શરીર સાથે જે રોકાવું પડે તેનો લાભ લઈ લો — એમાં શાંતિ લઈ આવો, શાંતિ અને શાંતિ. હું તમને જાણે કે હંમેશાં શાંતિના એક કોશેટાની અંદર લપેટી રહી છું. અને પછી, તમે જો આ મનની અંદર, આ જે મન આખોય વખત રણઝણ્યા કરતું હોય છે, હાલ્યાચાલ્યા કરતું હોય છે, ખરેખર માંકડાની માફક — તેમાં તમે જો બરાબર મૂકી શકો.... આ શાંતિને, કે જે સ્થૂલ તત્ત્વના આંદોલનમાં સીધેસીધી કામ કરતી હોય છે — એ શાંતિમાં હરેક ચીજ આરામ અનુભવતી હોય છે.

વિચાર ના કરશો — સ્થૂલ મનનું રૂપાંતર કરવાનો કે તેને શાંત પાડવાનો કે તેનો નાશ કરી દેવાનો પ્રયત્ન કરવા માટેનો વિચાર ના કરશો; એ બધું પણ હજી પ્રવૃત્તિ જ છે. એને માત્ર

ચાલ્યા કરવા દો, પણ એમાં શાંતિને મૂકો, શાંતિનો અનુભવ કરો, શાંતિને જીવી રહો, શાંતિને જાણો — શાંતિ, શાંતિ. એ જ એક વસ્તુ છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૮-૯)

*

## વિજય પ્રાપ્ત કરવાનો સંકલ્પ

તો, મારે તો અહીં જે લોકો આરામથી રહેવાને આવેલા છે 'પોતાને ગમે તે કરવાને સ્વતંત્ર' રહેવાને આવેલા છે તેમની સાથે સતત ઝગડો ચાલી રહ્યો છે, એટલે હું તેમને કહું છું : 'દુનિયા પૂરતી મોટી છે, તમે બહાર જઈ શકો છો' — એમનામાં નથી હોતો આત્મા, નથી હોતી અભીપ્સા, કશું જ હોતું નથી.

મને કેવું લાગે છે તે તમે જાણો છો ? એવું લાગે છે કે બધા બધા જ લોકો ઘરડા છે; માત્ર હું જ એક જુવાન છું ! એ વસ્તુ તે, હા, પેલી જ્વાલા, પેલી સંકલ્પશક્તિ.... જેને 'ધક્કો' કહેવામાં આવે છે — નાની નાની અંગત તૃપ્તિઓથી સંતોષમાં રહેવું... એ તમને ક્યાંય લઈ જતું નથી, આપણે શું ખાઈશું એમાં જ રચ્યાપચ્યા રહેવું, ઓહ !...

મને લાગે છે કે હમણાં એક જાતનો 'દેખાડો' ચાલી રહ્યો છે — 'display' (આ શું છે તે તમે જાણો છો?) જે વસ્તુઓ ન હોવી જોઈએ તેમનું પ્રદર્શન થઈ રહ્યું છે.

હા.

પણ જ્વાલા, અભીપ્સાની જ્વાલા (માતાજી માથું ધુણાવે છે), એ લઈને આવનારા બહુ નથી.

લોકોને તો જેને તેઓ 'આરામદાયક' કહે છે તે જો મળી રહે, એમને માત્ર એટલું જ જોઈતું હોય છે અને પછી કંઈક એવી કમઅક્કલ વસ્તુ કરવાની સ્વતંત્રતા જોઈએ છે કે જે આ દુનિયામાં રહીને કરત નહિ !.... તો બીજી બાજુએ, એમ લાગે છે કે પેલું આગમન જલદી કરાવવું હોય — તો આપણે એ જલદી કરાવી શકીએ છીએ.... આપણે જો વિજેતા હોઈએ તો!

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૨૬૮-૬૯)

*

## શક્તિઓને ખેંચો નહિ, તમારી જાત સમર્પિત કરી દો

પ્રગતિ માટેની તમારી ઇચ્છામાં અને સાક્ષાત્કાર માટેની તમારી અભીપ્સામાં તમે શક્તિઓને તમારી પ્રત્યે ખેંચવાનો પ્રયત્ન ન કરતા. તે બાબત ખૂબ દરકાર રાખજો. તમારી જાતનું સમર્પણ કરી દો; સતત આત્મવિસ્મૃતિ દ્વારા, યથાશક્ય ખૂબ નિઃસ્વાર્થ ભાવે તમારી જાતને ખુલ્લી કરો; તમારી ગ્રહણશક્તિમાં વૃદ્ધિ કરો, પણ કદી શક્તિઓને તમારી પ્રત્યે ખેંચવાની કોશિશ ન કરતા, કારણ કે ખેંચવાની વૃત્તિ એ જોખમકારક અહંતા છે. તમે ભલે અભીપ્સા કરો, તમારી જાતને ખુલ્લી બનાવો, આત્મસમર્પણ કરો, પણ કદી લેવાનો પ્રયત્ન ન કરશો. જ્યારે કાંઈક ગરબડ પેદા થાય છે, ત્યારે લોકો શક્તિનો દોષ કાઢતા હોય છે. પણ તેને માટે શક્તિ જવાબદાર નથી હોતી; મહત્ત્વાકાંક્ષા, અહંતા, અજ્ઞાન અને આધારની (પાત્રની) નિર્બળતા જવાબદાર હોય છે.



**શ્રી માતાજી**

તમારી જાતનું ઉદારતાપૂર્વક, પરિપૂર્ણ નિઃસ્વાર્થતાપૂર્વક સમર્પણ કરો અને ગહનતર દૃષ્ટિબિન્દુથી જોતાં, તમને કોઈ હાનિ નહિ પહોંચે. લેવાની કોશિશ કરો અને તમે ખાઈના છેડા પર હશો (પતનનો ભય ઊભો થશે). (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૨૨૭)

*

**અર્પણ : દમન વગરના ઈલાજની ચાવી**

**મને કહો કે દમન કર્યા વિના મુક્ત થવા માટેની ચાવી કઈ છે ?**

આહ ! હા, સામાન્ય નિયમ એવો છે. એથી ઊલટી વસ્તુ કરવી જોઈએ : ભૂગર્ભમાં ધકેલી દેવાને બદલે, એ વસ્તુને અર્પણ કરી દેવાની રહે છે. એ વસ્તુને, એ ક્રિયાને પોતાને જ, પ્રકાશની અંદર **પહોંચાડવાની છે....** સામાન્ય રીતે તો એ આડીઅવળી થતી રહે છે અને ના પાડે છે ! પણ (હસતાં હસતાં) એ જ એકમાત્ર રસ્તો છે. એટલા માટે આ ચેતના એટલી બધી કીમતી વસ્તુ છે... તો આ જે દમન બને છે તે સારું અને ખરાબ વિશેના ખ્યાલમાંથી થતું હોય છે, જેને ખરાબ ગણવામાં આવે છે તેના પ્રત્યે તિરસ્કાર કે શરમને લીધે થતું હોય છે, તમે આમ કરી દો છો (તરછોડી કાઢવાની ક્રિયા), તમે તેને જોવા માગતા નથી, તેને ક્યાંય રહેવા દેવા માગતા નથી. એ વસ્તુ.... પહેલી વસ્તુ — સૌથી પહેલી વસ્તુ એ સમજી લેવાની છે કે આપણી ચેતનામાં જે નિર્બળતા રહેલી છે તે એ ભેદ કરે છે અને એક એવી ચેતના રહેલી છે (હવે એને વિશે મને ખાતરી થઈ ગઈ છે) કે જેમાં એ વસ્તુ રહેલી નથી. એ ચેતનામાં જેને આપણે 'અશુભ' કહીએ છીએ તે જેને આપણે શુભ કહીએ છીએ તેના જેટલું જ જરૂરનું હોય છે અને આપણે જો આપણા સંવેદનને — અથવા તો આપણી પ્રવૃત્તિને કે આપણા દર્શનને — એ પ્રકાશમાં પહોંચાડી

દઈ શકીએ, તો એમાંથી સુધારો બની આવશે.* એ કોઈ નાશ કરી નાખવા જેવી વસ્તુ છે (એનો નાશ તો થઈ શકે તેમ નથી) એ રીતે એનું દમન કરી દેવાને બદલે કે તેને બહાર ફેંકી દેવાને બદલે તેને પ્રકાશની અંદર પહોંચાડવાનું રહે છે. અને આમ કરવા જતાં કેટલાક દિવસો લગી મને એક ઘણી રસિક અનુભૂતિ થતી રહેલી : તમે અમુક વસ્તુઓને (તમે જેનો સ્વીકાર કરતા નથી અને જે સ્વરૂપની અંદર એક અસમતુલા ઊભી કરે છે) ફેંકી દેવાનો પ્રયત્ન કરો, એ કરવાને બદલે, તમે તેમનો સ્વીકાર કરી લો, તમારી પોતાની જાતના એક ભાગ તરીકે લઈ લો... (માતાજી પોતાના હાથ ખુલ્લા કરે છે) અને તેમને અર્પણ કરી દો. આ વસ્તુઓ અર્પિત થવા માગતી નથી હોતી, પરંતુ તેમને ફરજ પાડવાની એક રીત છે : આપણે અસંમતિના ભાવને આપણી અંદર જેટલા પ્રમાણમાં ઓછો કરી શકીએ તેટલા પ્રમાણમાં વિરોધનું તત્ત્વ ઓછું થતું જાય છે. આ અસંમતિના ભાવને બદલે એક વધુ ઉચ્ચ પ્રકારની સમજણ જો લઈ આવી શકીએ, તો પછી આપણે સફળ નીવડીએ છીએ. એ તો ઘણું વધારે સહેલું છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૨૨૮-૨૯)

*

## સદ્‌ગુણનો પ્રશ્ન

સદ્‌ગુણ પોતે પૂર્ણતા પ્રાપ્ત કરવા માગે છે એવો દાવો કરે છે, પરંતુ પૂર્ણતા એ તો એક સમગ્રતા છે. એટલે આ બે ક્રિયાઓ એકબીજાની વિરોધી બની રહે છે. સદ્‌ગુણ તે વસ્તુઓને બહાર ધકેલી દે છે, કમી કરે છે, મર્યાદાઓ બાંધે છે. અને પૂર્ણતા તે દરેક વસ્તુનો સ્વીકાર કરે છે, તે કોઈનો પણ ઈન્કાર કરતી નથી, પણ દરેક વસ્તુને તેના સ્થાનમાં મૂકી આપે છે. આવી બે વસ્તુઓ દેખીતી રીતે જ એકબીજાને સમજી શકતી નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : ૧૭૭)

*

## જીવનને પરિપૂર્ણ કરવાની એક માત્ર રીત

જીવનને (એટલે કે હું અહીં પૃથ્વી પરના જીવનની વાત કરું છું એ તો બરાબર તમારા ખ્યાલમાં હશે જ) પૂર્ણ કરવાનો માત્ર એક જ રસ્તો છે અને તે એ કે તમારે જીવન પ્રતિ એક ઠીક ઠીક ઊંચી અવસ્થામાંથી દૃષ્ટિ નાખવી જોઈએ. એમ કરતાં તમે જીવનને સમગ્ર રૂપે જોઈ

---

* આ વાર્તાલાપ પ્રસિદ્ધ કરવાના સમયે શ્રી માતાજીએ નીચે મુજબ વિવરણ ઉમેરી આપેલું : આ ચેતનાની અંદર, કે જેમાં એ બે વિરોધી તત્ત્વો, સામાસામી તત્ત્વો ભેગાં જોડાતાં હોય છે ત્યાં, એ બંને પોતાનું સ્વરૂપ બદલી લે છે. એ પોતે જે હોય છે તેવાં તે રહેતાં નથી. એ માત્ર જોડાય છે અને એનાં એ રહે છે એમ નથી : એમનું સ્વરૂપ બદલાય છે. અને એ વસ્તુ બહુ મહત્ત્વની હોય છે. એ બંનેનું જોડાણ થાય છે કે તરત તેમનું સ્વરૂપ, તેમનું કાર્ય, તેમનું આંદોલન પૂરેપૂરું 'બીજું' થઈ જાય છે. એ બંને જે રીતનાં છે તે તેમની વચ્ચે પડેલા ભેદને લીધે છે. એ ભેદને દૂર કરી દો અને એમનું ખુદ સ્વરૂપ જ બદલાઈ જાય છે. એ હવે 'શુભ' કે 'અશુભ' રહેતું નથી, પરંતુ કાંઈક બીજું, કોઈક આખું અને સમગ્ર તત્ત્વ બની રહે છે.

શકશો, અને તે એની વર્તમાન સમગ્રતામાં જ નહિ પણ તેની ભૂત, વર્તમાન અને ભવિષ્યની જે સમગ્રતા છે એ રૂપે તમે જોઈ શકશો. જીવન જે રૂપે રહેલું હતું, જે રૂપે એ અત્યારે છે અને જે રૂપે તે થશે — આ બધું આપણે એકી સાથે જોઈ શકવું જોઈએ. કેમકે આ રીતે જ તમે દરેક વસ્તુને તેના સ્થાનમાં મૂકી શકશો. જગતમાં કોઈ પણ વસ્તુ દબાવી દઈ શકાતી નથી, કોઈ પણ વસ્તુને દબાવી દેવી ન જોઈએ, પણ દરેક વસ્તુને બીજી બધી વસ્તુઓની સાથેની એક સંપૂર્ણ સંવાદિતતામાં લાવીને તેના પોતાના સ્થાને મૂકી આપવી જોઈએ. અને એમાં પછી બુદ્ધિવાદી માણસને જે જે આટલી બધી 'ખરાબ', આટલી બધી 'ઘૃણાજનક', આટલી બધી 'અસ્વીકાર્ય' લાગતી હોય છે તે બધી એક સંપૂર્ણ રીતે દિવ્ય બની ગયેલા જીવનની આનંદ અને મુક્તિની ક્રિયાઓ બની રહે છે. આ થયા પછી આપણે પ્રભુનું — પોતાની જાતને અનંતપણે નિહાળતા રહેવામાં જેમને અનંત આનંદ મળે છે એવા પ્રભુનું — આ અદ્‌ભુત હાસ્ય જાણી શકીશું, સમજી શકીશું, તેને અનુભવી શકીશું અને જીવનમાં માણી શકીશું. એમાં પછી આપણને કોઈ વસ્તુ અટકાવી શકશે નહિ.

આ આનંદ, આ અદ્‌ભુત હાસ્ય અંધકારમાત્રને ઓગાળી નાખે છે, વેદનામાત્રને, દુ:ખમાત્રને ઓગાળી નાખે છે ! બસ, તમે તમારી અંદર પૂરતા પ્રમાણમાં ઊંડે ચાલ્યા જાઓ અને ત્યાં તમને આ આંતર સૂર્યનું દર્શન થશે. અંતે એ સૂર્યને પોતાનો પ્રકાશ તમારા પર ફેલાવા દો અને પછી જગતની એકેએક વસ્તુ સૂર્યના એક સંવાદપૂર્ણ, તેજોમય, અટ્ટહાસ્યનો ધોધ બની જશે અને પછી ક્યાંય ઓછાયો કે દુ:ખ રહેવા દેશે નહિ.

અને ખરેખર, તમે જો આ સ્થાનમાંથી બધું જોઈ શકશો, તમે જો એ સ્થાનમાં ખડા રહી શકશો, તો પછી જીવનની મોટામાં મોટી મુશ્કેલીઓ, મોટામાં મોટાં દુ:ખો, અને મોટામાં મોટી શારીરિક વેદનાઓ પણ કોક જુદા જ સ્વરૂપે બની રહેશે. તમને તેમની અવાસ્તવિકતા દેખાઈ આવશે, તમે જોશો કે આ મુશ્કેલી અવાસ્તવિક છે, દુ:ખ અવાસ્તવિક છે, વેદના અવાસ્તવિક છે, એકેએક વસ્તુ એક કેવળ આનંદ અને તેજનું જ માત્ર આંદોલન છે.

મુશ્કેલીઓ ઓગાળી નાખવા માટેનું, દુ:ખોને જીતી લેવા માટેનું, વેદનાને દૂર કરવાનું મૂળે સૌથી સમર્થ સાધન તે આ જ છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : ૧૭૭-૭૮)

*

## આંતરિક પ્રતિરોધ મહાઆપત્તિ લઈ આવે છે

માનવની મૂર્ખતાની ખાઈ માની ન શકાય તેવી છે - માની ન શકાય તેવી. હું જે શક્તિની વાત કરી ગઈ* તે જાણે કે આમ (એક અવિચલ અવતરણની ક્રિયા) વધુ ને વધુ ઊંડે જઈ રહી છે, અવચેતન તરફ.

અવચેતનમાં એવી એવી તો વસ્તુઓ આવેલી છે.... માની ન શકાય તેવી - માની ન

---

* ૨૧ ફેબ્રુઆરીનું અવતરણ : 'ઇચ્છિત પ્રગતિ મેળવવા માટેનું પ્રચંડ દબાણ'.

શકાય તેવી. હું મારી બધી રાતો એ જોવામાં ગાળું છું. અને શક્તિ નીચે ને નીચે જઈ રહી છે, અનિવાર્યપણે.

અને પછી માનવ અવચેતન બૂમ પાડી ઊઠે છે : 'ઓહ ! હમણાં નહિ, હમણાં નહિ — આટલી ઝડપથી નહિ ! અને એની સામે આપણે લડવાનું છે. એ છે સર્વસામાન્ય અવચેતન.

અને કુદરતી રીતે જ આ વિરોધો પછી આફતો લઈ આવે છે, પણ પછી લોકો બોલી ઊઠે છે : 'જુઓ જુઓ, આ તમારું કામ કેવું તો લાભદાયક છે ! એ તો આફતો લઈ આવે છે.' માની ન શકાય. માની ન શકાય તેવી મૂર્ખતા.

આપણે પ્રભુને વળગીને રહેવાનું છે, વળગીને રહેવાનું છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૩૧૯)

*

## હંમેશાં હસતાં રહેવું જોઈએ

મેં જોયું છે કે હું જો વિરોધ કરું છું તો વસ્તુ બગડે છે, મારામાં જો પ્રવાહિતાની લાગણી રહે છે તો પછી કોઈ આઘાત લાગતા નથી. આ ઉઝરડા અંગે પણ એમ જ છે (માતાજી પોતાની કોણી બતાવે છે). તમે જો અક્કડ બની જાઓ અને તમે વિરોધ કરો તો તમને આઘાત લાગે છે. જે લોકોને પડતાં આવડતું હોય છે તેના જેવું આ છે. એ લોકો પડતા હોય છે, પણ કશું ભાંગવા દેતા નથી, જ્યારે જે લોકોને કેવી રીતે પડવું તે આવડતું નથી હોતું તેઓ સહેજ અમથું પડી જવાય અને તેઓ કાંઈક ભાંગફોડ કરી નાખે છે. આ એવી જ વસ્તુ છે, આપણે શીખવું જોઈએ કે કેવી રીતે.... સંપૂર્ણ એકતા. સુધારવું, સીધું કરવું, એ પણ વિરોધ જ હોય છે. એટલે, તમે કહો છો તે પ્રમાણે, હુમલો ચાલુ રહેશે તો પણ શું થશે ? એમાંય મજા પડશે, જોઈએ ! (માતાજી હસે છે). અને બીજા લોકો આવી જ અવસ્થામાં હોતા નથી, એટલે કદાચ એ લોકો મૂંઝાશે, પણ હું લાચાર છું ! (માતાજી હસે છે.)

આપણે હંમેશાં હસવું જોઈએ. હંમેશાં ભગવાન હસે છે, એ હસે છે અને એમનું હસવું એટલું સરસ હોય છે, એટલું તો સરસ, પ્રેમથી એવું તો ભરેલું. એ હાસ્ય તમને એક અસાધારણ મધુરતાથી વીંટી લે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૫૯)

*

## શ્રેષ્ઠ ઈલાજ

તમને જો એવો અનુભવ થઈ શકે કે બધું ભગવાન પોતે જ કરી રહ્યા છે, તો પછી તમે એક અવિચલ શ્રદ્ધાથી કહો છો : તમારી બધી દલીલોની કાંઈ કિંમત નથી; પ્રભુ સાથે રહેવાનો જે આનંદ છે, પ્રભુ વિશે સભાન બનવાનો જે આનંદ છે, તે બધી વસ્તુઓ કરતાં ઘણો ઘણો વિશેષ છે — એ આનંદ સૃષ્ટિ કરતાં વિશેષ છે — (માતાજી એક આંગળી ઊંચી કરે છે) એ !

તો બસ. પછી બધું બરાબર થઈ જાય છે. વાત પૂરી થઈ જાય છે.

જાણે કે એ 'એ' પ્રકૃતિમાં જે જે કંઈ ખરાબમાં ખરાબ છે તે તમામને પ્રકાશમાં ધકેલી

રહ્યા છે, જોર કરીને પ્રકાશમાં ધકેલી રહ્યા છે, આ શક્તિ સાથે સંપર્કમાં મૂકી રહ્યા છે કે જેથી તેનો અંત આવે.

મને વધુ ને વધુ એવી લાગણી થઈ રહી છે કે માત્ર એક જ રસ્તો છે.... (હસતાં હસતાં) એનું એક રમૂજી ચિત્ર બને છે : મન ઉપર બેસી જાઓ. મન ઉપર બેસી જાઓ : શાંત થઈ જાઓ. એ જ એક માત્ર રસ્તો છે.

તમે મન ઉપર બેસી જાઓ છો (માતાજી નાનકડી ટપલી લગાવે છે): શાંત રહો.

આહ, બેટા, આપણામાં શ્રદ્ધા નથી : આપણને શ્રદ્ધા આવી મળે છે કે તરત જ.... આપણે કહીએ છીએ. અમારે દિવ્ય જીવન જોઈએ છે — પણ આપણને એનો ડર લાગે છે ! પણ આ ડર ચાલ્યો જાય અને આપણામાં સચ્ચાઈ આવી જાય છે.... ખરેખર બધું જ બદલાય છે.

આપણે કહીએ છીએ : આપણે હવે આ જીવન જોઈતું નથી અને (હસતાં હસતાં) છતાં એવું કંઈ છે જે એને વળગી રહે છે.

એ એટલું બધું તો હાસ્યાસ્પદ છે.

આપણે આપણા જૂના વિચારોને વળગી રહીને છીએ, આપણા જૂના... આ જૂના જગતને વળગી રહીએ છીએ કે જેણે ચાલ્યા જવાનું જ છે — અને આપણને ડર લાગે છે !

અને પેલું દિવ્ય બાળક મનના માથા ઉપર બેઠેલું અને રમી રહેલું :...

મને થાય છે કે હું આ ચિત્ર કરી શકું, અદ્‌ભુત છે એ.

આપણે એટલા તો મૂર્ખ છીએ કે આપણે એટલે સુધી કહીએ છીએ (માતાજી એક ક્રુદ્ધ ગૌરવનો અવાજ ધારણ કરે છે) : 'ભગવાન ખોટા છે, એમણે એ પ્રમાણે ન કરવું જોઈએ,' એ હસવું આવે તેવું છે, બેટા.

(મૌન)

મારે માટે તો, સારામાં સારો (એટલે કે સહેલામાં સહેલો) ઈલાજ એ છે : જે કાંઈ તારી ઈચ્છા હો. જે કાંઈ તારી ઈચ્છા હો, પૂરેપૂરા સાચા દિલથી. અને પછી — પછી સમજણ આવે છે. પછી તમને સમજણ પડે છે. પણ તમે મનની રીતે સમજતા નથી હોતા, એ ત્યાં છે જ નહિ. (માતાજી પોતાના માથાને અડે છે).

જે કાંઈ તારી ઈચ્છા. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૩૨૦-૨૨)

*

## એકમાત્ર નિરાકરણ

માત્ર એક જ રસ્તો છે, અહંકાર ચાલ્યો જવો જોઈએ, બસ એટલું જ. એ વસ્તુ છે. 'હું'ને બદલે જ્યારે બીજું કાંઈ જ ન રહે : જાણે કે એ આના જેવું સાવ સપાટ થઈ રહે (કોઈ વિશાળ, સુંવાળી, કરચલી વિનાની વસ્તુ સૂચવવાની ક્રિયા), એમાં એક જાતનું.... એ શબ્દોથી બતાવી પણ શકાતું નથી, પણ એ એક ઘણું સ્થિર સંવેદન હોય છે : 'જેવી તારી ઈચ્છા, તારી

ઇચ્છા હોય તેમ' એ ભાવ સાથેનું (શબ્દો બહુ નાના થઈ જાય છે). ખરેખર એવું સઘન સંવેદન હોવું કે આ (શરીર), આ અસ્તિત્વમાં છે જ નહિ, માત્ર એનો ઉપયોગ કરવામાં આવે છે — માત્ર પેલું તત્ આવેલું છે. એ તત્ વસ્તુ આ પ્રમાણે કરે છે (દબાવવાની ક્રિયા). એ તત્ વિશેની આ લાગણી, આ સભાન વિશાળતા, કે જે (માતાજી પોતાના હાથ ફેલાવે છે).... છેવટે જતાં તમે તેને જરૂર જોતા થાઓ છો (એને 'જોવું' એ આકૃતિઓ સાથેનું દર્શન નથી હોતું પણ એક દર્શન હોય છે.... મને ખબર નથી એમાં શું શોય છે ! પણ એ ઘણું જ સઘન હોય છે, આકૃતિઓ કરતાં ઘણું જ વધારે સઘન), આ વિશાળ શક્તિનું દર્શન, આ વિશાળ આંદોલન કે જે દબાણ કરતું જ રહે છે, કરતું જ રહે છે, કરતું જ રહે છે.... અને પછી એની નીચેનું અમળાઈ રહેલું જગત (!) અને પેલી ખુલ્લી બનતી વસ્તુ. અને એ ખૂલે છે ત્યારે પેલું અંદર દાખલ થાય છે અને ફેલાઈ જાય છે.

એ જ એકમાત્ર ઉકેલ છે.

બીજો કોઈ છે જ નહિ. એ સિવાયનું બીજું બધું, એ અભીપ્સાઓ હોય છે, કલ્પનાઓ હોય છે, આશાઓ હોય છે, એ.... એ હજી અતિ-માનવ જ હોય છે, એ અતિમાનસ નથી. એ એક ઉચ્ચ કોટિની માનવતા હોય છે અને તે પોતાની આખીયે માનવતાને ઉપર ખેંચવાને પ્રયત્ન કરતી રહે છે, પણ એનો.... એનો કાંઈ અર્થ નથી. એનો કાંઈ અર્થ નથી.

ચિત્ર ઘણું જ સ્પષ્ટ છે, આ આખીયે માનવજાતિનું, એ ઉપર ચડવાને માટે વળગી રહી હોય છે, એ આમ પકડવા માટે પ્રયત્ન કરી રહી હોય છે, પણ તે પોતાની જાતને આપી દેતી નથી — એ લેવા માગતી હોય છે ! એ નહિ ચાલે, એણે પોતાની જાતને મિટાવી દેવાની રહે છે. તે પછી પેલી વસ્તુ આવી શકશે અને તેનું સ્થાન લઈ શકશે.

આખુંય રહસ્ય એમાં આવેલું છે....

.... માત્ર પેલી જ વસ્તુ છે (માતાજી આત્મ-વિલોપનની ક્રિયા બતાવતાં પોતાના હાથ ખુલ્લા કરે છે), એમ કરવાનું અને પછી આપણે પોતે અદૃશ્ય થઈ ન જઈએ ત્યાં સુધી લાંબા થઈને સાષ્ટાંગ સૂઈ રહેવાનું.

ખરેખર, એ સૌથી અઘરી વસ્તુ તો છે જ : અદૃશ્ય થઈ જવાનું શીખી લેવું.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૨૩૨-૩૩)

*

### વીર બનવા માટેની ઘડી

અનેક અનેક સૈકાઓથી માનવજાતિ આ સમયની રાહ જોતી બેઠેલી છે. એ આવ્યો છે. પણ એ મુશ્કેલ સમય છે.

હું તમને માત્ર એટલું જ નથી કહેતી કે આપણે પૃથ્વી ઉપર આરામ કરવાને અને આનંદ માણવાને આવેલાં છીએ, અત્યારે એને માટેનો સમય નથી. આપણે અહીં... નવા સર્જન માટેનો માર્ગ તૈયાર કરવાને આવેલાં છીએ.

એટલે તમને આ કહેવાને માટે મેં બોલાવેલા છે. તમારાથી લઈ શકાય તે લો, તમે જે કરી શકો તે કરો, મારી મદદ તમને મળતી રહેશે. સાચા દિલના બધા જ પ્રયત્નોને વધુમાં વધુ મદદ આપવામાં આવશે.

આ વીર બનવા માટેની ઘડી છે.

વીરતા એ એને વિશે જે કહેવાય છે તે વસ્તુ નથી : વીરતા એટલે કે પૂરેપૂરા એકરૂપ બની રહેવું અને જે લોકોએ પૂરા સાચા ભાવે વીર થવાનો નિશ્ચય કરેલો છે તેમને ભગવાનની મદદ હંમેશાં મળતી રહેશે.

તમે અત્યારની ક્ષણે અહીં છો, એટલે કે પૃથ્વી ઉપર છો, તેનું કારણ એ છે કે એક વખતે તમે પોતે એ પસંદ કર્યું હતું — તમને હવે એ યાદ નથી રહ્યું પણ હું તે જાણું છું — એટલે તમે અહીં છો. તો તમારે આ કામને માટે ઊંચામાં ઊંચી સ્થિતિમાં રહેવું જોઈશે. તમારે પ્રયત્ન કરવો પડશે, તમારે બધી લઘુતાઓ અને બધી મર્યાદિતતાઓને જીતવી જોઈશે, સૌથી વધુ તો તમારે અહંકારને એ કહેવું જોઈશે : તારો સમય ચાલ્યો ગયો છે. આપણે એવી માનવજાતિ જોઈએ છે કે જેનામાં અહં ના હોય, જેનામાં અહંને બદલે એક દિવ્ય ચેતના હશે. આપણે એ જોઈએ છે : દિવ્ય ચેતના જોઈએ છે કે જે માનવજાતિને પોતાનો વિકાસ કરવા દેશે અને અતિમાનસ સ્વરૂપને જન્મ લેવામાં મદદ કરશે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૩૧૭-૧૮)

*

## જે કંઈ બને છે તે પ્રગતિ કરાવવા માટે

જે કાંઈ આપણી બાબતમાં બને છે તે સર્વ, આપણે શક્ય તેટલી ઝડપે આગળ વધીએ તેટલા માટે બને છે : અવરોધો, વિરોધો, અણસમજૂતી, અર્થહીન ધારણાઓ, સર્વ કાંઈ, બધું જ, સર્વ વસ્તુઓ, આપણને આગળ લઈ જાય છે; એ એક બિંદુને સ્પર્શ કરે છે, પછી બીજાને, અને વળી પછી બીજાને અને એ રીતે તમને શક્ય તેટલી ઝડપથી આગળ પ્રગતિ કરાવે છે. જો તમે આ પદાર્થતત્ત્વ સાથે સંકળાયેલા ન હોય, તો પછી તમારું પરિવર્તન કઈ રીતે થાય ?

અને એ તદ્દન સ્પષ્ટ છે, બિલકુલ દેખીતું છે કે સર્વ પ્રકારના વાંધાઓ અને વિરોધો પણ કેવળ વસ્તુઓને ઉપરછલ્લી રીતે જોનાર સપાટી ઉપરના મનમાંથી ઊભા થાય છે. અને આ જે વસ્તુ તમારી બાબતમાં બની રહી છે તે એટલા માટે જ બને છે કે તમે એ સર્વથી ચેતતા રહો, તમે એવી વસ્તુઓથી છેતરાઈ ન જાઓ અને સ્પષ્ટ રીતે જોઈ શકો એ બધું કેવળ બાહ્ય, સપાટી ઉપરનું છે અને એ સર્વની પાછળ, જે કાંઈ થઈ રહ્યું છે તે શક્ય તેટલી ઝડપે... રૂપાંતર પ્રત્યે ગતિ કરી રહ્યું છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૨૩૪)

*

## જે રસ્તો છે

એક રસ્તો છે : પરમ ચેતનાનો જે સંકલ્પ હોય તેની અભીપ્સા સેવવી — આપણા મૂર્ખ, ક્ષુદ્ર ખ્યાલો ગમે તે હોય.

 

શક્તિઓને ખેંચવી એ હંમેશાં અહંકારી ક્રિયા છે.
એ હોય છે અભીપ્સાની વિકૃતિ.
અભીપ્સા એ છે આપવાની ક્રિયા,
સ્વાપર્ણની ક્રિયા,
જ્યારે ખેંચવું એટલે પોતાને માટે માગવું.

CWM 11 : 22 - 23

શ્રી માતાજી

આ મુજબ (શ્રી માતાજી પોતાના બાહુઓ પ્રસારે છે) : તમે જે ઈચ્છો તેની ઈચ્છા કરવી....

આપણે છીએ — આપણે ઈશ્વર છીએ, જે ઈશ્વર પોતાની જાતને જ ભૂલી ગયા છે. અને આપણે શું કરવાનું છે ? આપણે એ સંપર્કને પુનઃ સ્થાપિન કરવાનો છે. તમે એ (વાસ્તવિકતા) ને ગમે તે નામ આપો, એનું કંઈ મહત્ત્વ નથી. આપણે એ દિવ્ય પૂર્ણતા બની રહેવાનું છે. બસ એટલું જ.

દિવ્ય પૂર્ણતા, શક્તિ અને જ્ઞાન આપણે બની રહેવું જ જોઈએ. એટલું જ. તમને જે ઠીક લાગે એ નામે તમે એને પુકારો, મારે માટે એ વસ્તુ મહત્ત્વની નથી. આપણામાં આ અભીપ્સા હોવી જ જોઈએ. આ ગંદકીમાંથી, આ મૂર્ખતામાંથી, આ અભાનતામાંથી તેમ જ આ નફરત ઉપજાવે તેવી હાર સ્વીકારવાની વૃત્તિમાંથી આપણે બહાર નીકળવું જ જોઈએ. આ વસ્તુઓ આપણને કચડી નાખતી હોય છે એનું કારણ એ જ કે આપણે આપણી જાતને કચડાવા દઈએ છીએ. (The Mother : Conversations with a disciple : July 19, 1972)

*

## વિનમ્રતાની ઢાલ

વિનમ્રતા, સંપૂર્ણ વિનમ્રતા એ છે સર્વ સાક્ષાત્કારો માટેની અવસ્થા. મન એટલું તો સ્વમતાભિમાની હોય છે. મન એવું વિચારે છે કે પોતે સર્વ કંઈ જાણે છે, સર્વ કંઈ સમજે છે. અને એને જે ઉદ્દેશ ઉમદા લાગે તે ઉદ્દેશ માટે પોતાની કલ્પના મુજબ એ કાર્ય કરતું હોય ત્યારે તો મન વધુ ઘમંડી, વધુ હઠીલું બની જાય છે અને એના ઉમદા ખ્યાલો તથા એના મહાન માનવતાવાદી કે અન્ય આદર્શોથી વધુ ઉચ્ચ એવું કંઈક છે એમ એને સમજાવવું લગભગ અશક્ય બની જાય છે. વિનમ્રતા એ જ માત્ર ઉપાય છે. હું અહીં અમુક ધર્મો જે વિનમ્રતાની વાત કરે છે તેના વિશે જણાવતી નથી. એક એવા ભગવાન જે પોતાનાં પ્રાણીઓને હલકાં ગણે છે અને સર્વ પ્રાણીઓ તેમને ઘૂંટણિયે પડે એમાં જ એ આનંદ પ્રાપ્ત કરે છે. એ પ્રકારની વિનમ્રતા મને અભિપ્રેત નથી. હું જે વિનમ્રતાની વાત કરું છું તે એવી વિનમ્રતા, જે સ્વીકારે છે : હું કંઈ જ જાણતો નથી. અને હાલ જે આપણને સત્ય, ઉમદા અને નિઃસ્વાર્થ લાગતું હોય એનાથી પર કોઈ વસ્તુ હોઈ શકે છે. સાચી વિનમ્રતા એ છે કે પોતાની જાતને સતત પ્રભુ સમક્ષ રજૂ કરતા રહેવું, પ્રભુ સમક્ષ સર્વ કંઈ મૂકી દેવું. હું જ્યારે કોઈ આપત્તિનો સામનો કરું છું (મારી સાધનામાં મેં સારી એવી આપત્તિઓનો સામનો કર્યો છે) ત્યારે તુર્ત જ મારી સહજ પ્રતિક્રિયા, — સ્પ્રિંગ માફક — હોય છે તે પ્રભુ સમક્ષ, મારી જાતને ઢાળી દેવી અને બોલવું: 'Thou, Lord', - 'પ્રભુ, તમે'. અને આ વિનમ્રતા જો ન હોત તો કંઈ પણ સાક્ષાત્કાર, હું કદાપિ સિદ્ધ ન કરી શકી હોત. અને અહીં 'હું' શબ્દ પ્રયોજું છું તે 'મારી જાત' ને સ્પષ્ટ કરવા માટે જ. ખરેખર તો 'હું' - I- એટલે આ શરીરના માધ્યમ દ્વારા પ્રભુ, આ કરણના માધ્યમ દ્વારા પ્રભુ. તમે જ્યારે આ પ્રકારની વિનમ્રતા

કેળવો છો ત્યારે તમે સાક્ષાત્કારની નજીક પહોંચતા હો છો. આ છે શરત, શરૂઆતનું બિંદુ.

(The Mother : Conversations with a disciple : December 21, 1957)

*

## પ્રભુમાં સ્મિતપૂર્ણ વિશ્વાસ

તમે જ્યારે સરળ બનો છો, તમે જાણો છો, એક બાળક જેવા સરળ બની રહો છો.... ત્યારે સર્વ કંઈ સારું જ બને છે. પરંતુ તમારે ડરવાનું તો નહિ જ. માંદા પડવાનો, મન નબળું પડી જાય એનો, મૃત્યુ પામવાનો ડર કદાપિ રાખવાનો નહિ – તમારે આ પ્રમાણે (સાગર માફક વિશાળ અને શાન્ત) બની રહેવું જોઈએ. આપણી પાસે જો આ સ્મિતપૂર્ણ વિશ્વાસ હોય (સમયે સમયે મેં એ વિશ્વાસ કેળવેલો છે. એ કેળવાય છે) તો એ પૂરતું છે. પરંતુ આ વિશ્વાસ પ્રાપ્ત કરવા માટે ચેતના સૃષ્ટિ જેટલી જ વિશાળ હોવી જોઈએ. તમે સર્જન જેટલા જ વિશાળ છો, અને પૂરેપૂરા વિશ્વાસપૂર્ણ.... છેવટે, બધું જ આ મુદ્દે આવીને અટકી જાય છે (જેને બાળસહજ રીતે મૂકી શકાય) : શું કરવાનું છે તે પ્રભુ આપણા કરતાં વધુ સારી રીતે જાણે છે.....

.... આપણે જો સ્મિત કરી શકીએ, તો એ એટલું તો સરળ બની રહે છે...

(The Mother : Conversations with a disciple : May 17, 1972)

*

## સંપૂર્ણ વિશ્વાસની શાન્તિ

વ્યક્તિએ પોતાની જાત પ્રભુને વિશ્વાસપૂર્વક સોંપી દીધી હોય તો પ્રભુ એ વ્યક્તિની સંભાળ રાખે છે. અને.... (કેવી રીતે સમજાવવું ?) દા.ત. તમારે માટે જે કંઈ કરવાનું હોય તે સર્વ પ્રત્યેક મિનિટે કરવામાં આવે છે. અને તમે જો કોઈ વ્યક્તિની સંભાળ લેવા માટે પ્રભુને પુકાર કરો તો એ પણ કરવામાં આવે છે. અને જે કરવામાં આવે છે તે શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરવા માટે. પરંતુ આ શ્રેષ્ઠ તે પ્રભુને જે શ્રેષ્ઠ લાગે તે.

તમારે શાન્ત રહેવું જ જોઈએ. સંપૂર્ણ વિશ્વાસની શાન્તિમાં તમારે રહેવું જોઈએ.

શાન્તિમાં અવરોધોને દૂર કરવાની શક્તિ રહેલી છે.

(The Mother : Conversations with a disciple : June 18, 1972)



શ્રી અરવિન્દ

# વૃત્ત વિશેષ

## ગુજરાતનાં શ્રી અરવિન્દ કેન્દ્રોનું ૪૪મું વાર્ષિક અધિવેશન

ગુજરાતનાં શ્રી અરવિન્દ કેન્દ્રોનું ૪૪મું વાર્ષિક અધિવેશન શ્રી અરવિન્દ નિવાસ, દાંડિયાબજાર, વડોદરા ખાતે તા. ૧૬-૧૭, જાન્યુઆરી ૨૦૧૬ દરમિયાન મળ્યું હતું. તા. ૧૬ જાન્યુઆરીના રોજ સવારે દશ વાગે યોજાયેલા ઉદ્‌ઘાટનસત્રનો પ્રારંભ શ્રીમતી અંગિરાબહેને કરેલી શ્રી માતાજીની પ્રાર્થનાથી થયો હતો. ઉદ્‌ઘાટનસત્રનું પ્રમુખ સ્થાન શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીના અધ્યક્ષ શ્રી પ્રદીપભાઈ નારંગે શોભાવ્યું હતું.

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરાના અધ્યક્ષશ્રી શરદભાઈ જોશીએ પુષ્પગુચ્છથી શ્રી પ્રદીપભાઈનું તથા શ્રી હંસકુમાર માંકડ અને સુ શ્રી જ્યોતિબહેન થાનકીનું સ્વાગત કર્યું હતું. ત્યારપછી શ્રી પ્રદીપભાઈ અને સર્વે મંચસ્થ મહાનુભાવોએ શ્રી માતાજી અને શ્રી અરવિન્દની સંનિધિસભર છબીઓ સમક્ષ દીપ પ્રગટાવી દિવ્ય જ્યોતિનું આવાહન કર્યું હતું. શ્રી શરદભાઈએ પોતાનાન સ્વાગતપ્રવચનમાં સૌનો ભાવપૂર્વક સત્કાર કરી અધિવેશનના કાર્યક્રમોની સંક્ષિપ્ત રૂપરેખા રજૂ કરી. શ્રી જ્યોતિબહેને પ્રસંગોચિત પ્રવચનમાં જણાવ્યું હતું કે, દીપ પ્રાકટ્યની પાંચ જ્યોતિઓ દ્વારા આપણાં શરીર, પ્રાણ, મન, ચૈત્યપુરુષ અને આત્માની પરમ જ્યોતિઓના પ્રાકટ્યની અભીપ્સા અને પ્રાર્થના કરતાં રહીએ એ જ આ દીપ પ્રાકટ્યની સાર્થકતા છે. શ્રી પ્રદીપભાઈએ અધ્યક્ષીય વ્યાખ્યાનમાં શ્રી અરવિન્દ નિવાસમાં શ્રી અરવિન્દની સંનિધિના અનુભવથી સહજ પ્રાપ્ત થતા આનંદની સ્વાનુભૂતિજન્ય હકીકતો જણાવી. આ પ્રસંગે શ્રી જયેન્દ્રભાઈ સુથારે (ઇડર) તૈયાર કરેલાં શ્રી માતાજીનાં આબેહૂબ ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં. વિરામ બાદ બીજું સત્ર હતું ખુલ્લા જ્ઞાનમંચનું અને વિષય હતો ''સમગ્ર જીવન યોગ છે.''

આ ખુલ્લા જ્ઞાનસત્રનું સંચાલન શ્રી શરદભાઈ જોશીએ કર્યું હતું. ચિંતનમાં લગભગ બધાં કેન્દ્રોના પ્રતિનિધિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો, જેમાં ડૉ. પુષ્પાબેન ભટ્ટ (કપડવંજ), શ્રી નિર્મિત ભટ્ટ (અમરેલી), શ્રી નરેન્દ્રભાઈ ભટ્ટ (ગાંધીનગર) શ્રીમતી અંગિરાબેન પટેલ (વડોદરા), શ્રી રમેશભાઈ ત્રિવેદી (ૐપુરિ), શ્રી કે.પી. ચાણક્ય (ગાંધીનગર), શ્રી જિજ્ઞા દવે (સિદ્ધપુર), શ્રી જયેન્દ્ર સુથાર (ઇડર), ડૉ. રમણલાલ પાઠક (વડોદરા), શ્રી બીપિન શનિશ્ચરા (જામનગર), ડૉ અંજનાબેન મહેતા (નડિયાદ), અધીરુભા રાઠોડ (અમરેલી) વિ.નો ઉલ્લેખ કરી શકાય. સત્રને અંતે શ્રી શરદભાઈએ સારાંશ સાથે શ્રી અરવિન્દ દર્શનને અભિપ્રેત એવો All Life Is Yoga નો મંત્રાર્થ રજૂ કર્યો.

ભોજન વિરામ બાદ પ્રથમ દિવસનું ત્રીજું સત્ર કેન્દ્રોના અહેવાલ અને કાર્યવાહીની સમીક્ષાનું હતું. બધાં કેન્દ્રોના પ્રતિનિધિઓએ પોતપોતાના કેન્દ્રના અહેવાલો રજૂ કર્યા. શ્રી કૈલાસ જોશીએ ગુજરાત સ્ટેટ કમિટિએ તૈયાર કરેલા ૪૪મા વાર્ષિક અહેવાલનું વાચન કર્યું. કેન્દ્રોમાં

ચાલતી પ્રવૃત્તિઓનું વિહંગાવલોકન કરતાં શ્રી શરદભાઈએ જણાવ્યું કે યુવા પ્રવૃત્તિઓ વિશે કેન્દ્રોએ થોડા વધુ પ્રયત્નશીલ થવાની જરૂર છે.

સાંજે વડોદરા મહાનગર સેવાસદન આયોજિત શ્રી અરવિન્દ સ્મૃતિ વ્યાખ્યાન અંતર્ગત શ્રી પ્રદીપ નારંગનું વ્યાખ્યાન ગોઠવાયું હતું. શ્રી નારંગે શ્રી અરવિન્દ દર્શનના આધારે **मानवजातिका भविष्य** એ વિશે ચર્ચા કરતાં શ્રી અરવિન્દનાં વિધાનો અને કાવ્યપંક્તિઓ ટાંકીને વિષયને રસપ્રદ રીતે પૂરી ગંભીરતાપૂર્વક રજૂ કર્યો. કાર્યક્રમના પ્રારંભમાં પ્રાર્થના અને સ્વાગતની ઔપચારિકતાઓ બાદ ડે. મેયર શ્રી યોગેશભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આ પ્રસંગે મહાનગર સેવાસદનના પૂર્વ હોદ્દેદારો અને પદાધિકારીઓ સહિત મ્યુ. કમિશ્નરશ્રી એચ. એસ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

રાત્રિભોજન બાદ નવસારી કેન્દ્ર સાથે સંકળાયેલા શ્રી ગણપતલાલ પંચીગરે ભક્તિગીતો રજૂ કર્યાં હતાં. આ કાર્યક્રમમાં તેમણે ભાલણ, દયારામ, મીરા, નરસિંહ, કબીર રચિત સુંદર પદો રજૂ કરી શ્રોતાઓને રસતરબોળ કર્યા. કોઈપણ સાજ વગર ૮૨ વર્ષની જૈફ વયે માત્ર ભાવ અને બુલંદ કંઠથી શ્રી પંચીગરે વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.

અધિવેશનના બીજા દિવસનું પ્રથમ સત્ર હતું સંસ્કૃત ભાષાનું. સત્રનો પ્રારંભ શ્રીમતી પદ્માબેન પાઠકે સુંદર સ્તુતિ ગાઈને કર્યો. શ્રી રમણલાલ પાઠકે આ સત્રનું સંચાલન સંભાળ્યું હતું. પ્રાર્થના બાદ સત્રના મુખ્ય વક્તા પ્રા. યોગેશભાઈ ઓઝાનું શ્રી શરદભાઈએ પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. પ્રાસંગિક વક્તવ્યો બાદ પ્રા. યોગેશભાઈ ઓઝાએ ''આનંદ મીમાંસા'' ઉપર રસસભર શૈલીમાં વિદ્વત્તાસભર વ્યાખ્યાન રજૂ કર્યું હતું. માનવ જીવનની બે સર્વ સામાન્ય ભાવાનુભૂતિઓ : સુખ અને દુ:ખની વ્યાખ્યાથી શરૂ કરી તેના અનેક ભાવવૈવિધ્યો ધરાવતી સૂક્ષ્મ વિચાર વિથિકાઓમાંથી ઉદાત્ત અને શાસ્ત્રીય ઉદાહરણો દ્વારા શ્રોતાઓને રસસરિતામાં સરસ નૌકા વિહાર કરાવ્યો.... સમય ક્યાં સર્યો તેની કોઈને ખબર ન પડી. સમાપનમાં શ્રી શરદભાઈ એક જ વાક્ય બોલ્યા, ''વિદ્વત્તા કોને કહેવાય એનું નિદર્શન શ્રી યોગેશભાઈએ આપણને આપ્યું છે.'' ત્યારબાદ ''વિમેન્સ કાઉન્સિલ'' વિશે ચર્ચાવિચારણાનો કાર્યક્રમ હતો. સત્રનું સંચાલન શ્રીમતી અંગિરાબહેન પટેલે સંભાળ્યું હતું. પ્રારંભમાં પ્રાર્થના, સત્કાર બાદ પુસ્તક "ON WOMEN" માંથી ચિંતનાત્મક ફકરાઓનું અંગ્રેજી અને ગુજરાતીમાં વાંચન થયું. શ્રીમતી અંગિરાબહેને ''વિમેન્સ કાઉન્સિલ'' ની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો. અંતે સુ શ્રી જ્યોતિબહેન થાનકીએ પોતાના વક્તવ્યમાં પ્રારંભમાં શ્રી યોગેશભાઈને તેમના મુગ્ધ કરનાર પ્રવચન માટે ધન્યવાદ આપ્યા પછી પોતે જણાવ્યું કે, ''આપણે સૌ આનંદને પામવાને ઈચ્છીએ છીએ, ક્ષણેક અનુભૂતિ થાય પણ ખરી પણ તે આનંદ ટકતો કેમ નથી ?'' ત્યારપછી પોતાના મુખ્ય વિષય ''સાંપ્રત સમાજ અને સ્ત્રીઓની સ્થિતિ !'' વિશે તેઓશ્રીએ રજૂઆત કરી.

ભોજન પછી અધિવેશનનું અંતિમ સત્ર હતું યુવા પ્રવૃત્તિઓ વિશેનું. એનું સંચાલન શ્રી ધીરુભા રાઠોડે (યુથ કો-ઓર્ડિનેટર, ગુજરાત સ્ટેટ) કર્યું. વિવિધ કેન્દ્રોના યુવા પ્રતિનિધિઓએ પોતપોતાના કેન્દ્રની યુવા પ્રવૃત્તિઓ ઉપર પ્રકાશ ફેંક્યો. જેમાં ખાસ ઉલ્લેખનીય છે, શ્રી ધીરુભા રાઠોડ, શ્રી જ્યોતિબેન થાનકી (ગાંધીનગર કેન્દ્ર વતી), શ્રી નરેન્દ્ર પટેલ (વડોદરા), શ્રી જિજ્ઞાબેન

દવે (સિદ્ધપુર), વલ્લભ વિદ્યાનગર કેન્દ્રના પ્રતિનિધિ. ત્યારબાદ શ્રી શરદભાઈએ શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચરીએ પ્રારંભ કરેલ AURO YOUTH ફોરમ વિશે સવિસ્તર માહિતી આપી. અને યુવાનોના વ્યક્તિત્વ વિકાસ તથા વ્યવસ્થાશક્તિના વિકાસ અંગે કોઈ શિબિરો કરવા માગતા હોય તો તેની તમામ માહિતી અને સામગ્રી હેડઓફિસ આપણને પૂરી પાડી શકે એમ છે. તો દરેક કેન્દ્રને AURO YOUTH ના નેજા હેઠળ બને એટલી વધુ પ્રવૃત્તિઓ કરવા અપીલ કરવામાં આવી. આગામી માર્ચના કોઈ સપ્તાહમાં ગુજરાતના યુવા વર્ગની એક મીટિંગ બોલાવી આગામી કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવી એમ નિર્ણય લેવામાં આવ્યો.

બે દિવસના આ અધિવેશનની સમાપ્તિમાં શ્રી શરદભાઈ જોશીએ સૌ કેન્દ્રોના પ્રતિનિધિઓનો આભાર માન્યો અને કોઈ અસુવિધા થઈ હોય તો તે માટે દિલગીરી પણ વ્યક્ત કરી. આપણે સૌ શ્રી માતાજીના કાર્યમાં સદા સતત પ્રવૃત્ત રહીએ એવી પ્રાર્થના સાથે બે મિનિટના ધ્યાન બાદ આ અધિવેશનની સમાપ્તિ કરવામાં આવી. **(અહેવાલ : શ્રી કૈલાશ જોશી)**

*

**નવું પ્રકાશન :** 29th February **THE DAY OF THE LORD.** Compilation : **Shri Narendra Patel (Baroda)** Published by : Shri Narendra Thakkar (Mob : 09824275707. E-mail : narendrathakkarm@yahoo.co.in. 1/8 Demi : 52 Pages. Printed on quality maplitho paper with 4 Art plates in Four Colour Photographs. Beautiful Title : Priti Ghosh's Painting of Sri Aurobindo's Picture. Compilation of different Author's impressions of the event of Supramental Descent. For Obtaining this priceless publication Pl. contact Shri Narendra Thakkar.

*

ઉપર્યુક્ત અંગ્રેજી સંકલનને ગુજરાતી ભામામાં પણ એ જ પ્રકારે નાની પુસ્તિકા રૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. પુસ્તિકા પ્રાપ્તિ માટે પ્રકાશકનો ઉપર મુજબના સંપર્ક નંબર પર સંપર્ક કરવો.

*

તાજેતરમાં જાનગર કેન્દ્રમાં નીચે મુજબના કાર્યક્રમો યોજવામાં આવ્યાં. તા. ૫-૧૨-૨૦૧૫ : શ્રી અરવિન્દનો દેહોત્સર્ગ-દિન, તા. ૯-૧૨-૨૦૧૫ : શ્રી અરવિન્દનો મહાસમાધિ-દિન. બંને દિવસોએ સવારે ૧૦થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન તથા સાંજે ૭થી ૮ ધ્યાન, પ્રાર્થના, પ્રસંગને અનુરૂપ વાચન.

તા. ૨૫-૧૨-૨૦૧૫થી ૧-૧-૨૦૧૬ : સાવિત્રીસપ્તાહ આઠ દિવસ માટે શ્રી અરવિન્દ તત્ત્વદર્શનના ઊંડા અભ્યાસી અને આંતરરાષ્ટ્રીય વક્તા ગુજરાતના વિદ્વાન પ્રોફેસર શ્રી અશ્વિનભાઈ કાપડિયાની ૪૨ૐમી સાવિત્રીસપ્તાહનું જામનગર કેન્દ્રમાં દરરોજ સાંજે ૬.૩૦થી ૮.૩૦ આયોજન કરવામાં આવ્યું હતું. જામનગર કેન્દ્રના સભ્યો ઉપરાંત શહેરની અધ્યાત્મપ્રેમી જનતાએ બહોળા પ્રમાણમાં દરરોજ આશરે ૧૨૫થી વધુ સંખ્યામાં અતિ ઉત્સાહ અને ઉમંગપૂર્વક લાભ લીધો. સમગ્ર સપ્તાહ દરમિયાન વિવિધ ઉદાહરણો દ્વારા શ્રી અશ્વિનભાઈએ પોતાની ભાવવાહી અસ્ખલિત

અમૃતવાણીમાં મહાકાવ્ય સાવિત્રીની સ્તુતિ અને મહાત્મ્ય સમજાવી શ્રોતાઓને મહાકાવ્યનો પરિચય કરાવ્યો. જૂના તેમ જ ઘણા બધા નવા અભીપ્સુ મિત્રોએ શ્રી અશ્વિનભાઈની એકાગ્ર વાણી એકચિત્તે સાંભળી સહજ ધ્યાનાવસ્થાનો અનુભવ કર્યો. સર્વે શ્રોતાગણને આ શુભ પ્રસંગનો અનન્ય લાભ મળ્યો અને સૌએ આનંદવિભોર બની પરમ ધન્યતા અનુભવી.

તા. ૨૭-૧૨-૨૦૧૫ને રવિવારના રોજ સવારે ૧૦થી ૧૧.૩૦ શ્રી અશ્વિનભાઈનું અંગ્રેજી ભાષામાં પ્રવચન રાખવામાં આવ્યું તેનો પણ સારી સંખ્યામાં અભીપ્સુ મિત્રોએ લાભ લીધો. તા. ૩૧-૧૨-૨૦૧૫ વર્ષનો અંતિમ દિવસ હોવાથી કેન્દ્ર ઉપર સાંજે સૂર્યાસ્ત પહેલાં સાવિત્રી-પઠનનું અનુષ્ઠાન શરૂ કરવામાં આવ્યું જે સાવિત્રી સપ્તાહના સત્ર-સમય બાદ નૂતનવર્ષના સંધિકાળ અને ત્યારબાદ તા. ૧-૧-૨૦૧૬ના સૂર્યોદય સુધી ચાલુ રાખવામાં આવ્યું. અભીપ્સુ મિત્રોએ વારાફરતી સાવિત્રી-પઠન કર્યું. તા. ૧-૧-૨૦૧૬ અંગ્રેજી નૂતન વર્ષ-દિને :- સવારે ૧૦થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન. ત્યારબાદ નૂતન વર્ષ પ્રસંગના આશ્રમના સંદેશકાર્ડ અને કેલેન્ડર્સ-૨૦૧૬નું વિતરણ થયું. સાંજે ૬થી ૬.૩૦ રિદ્ધિમંગલ-પ્રાર્થના. ૭થી ૧૧.૦૦ સાવિત્રી સપ્તાહ અંતિમ સત્રની પૂર્ણાહુતિ. (અહેવાલ : બિપિન શનિશ્ચરા)

*

**સાભાર સ્વીકાર : જીવન એક આનંદોત્સવ : જ્યોતિ થાનકી :** પ્રકાશક : સદ્‌વિચાર પરિવાર, બી.આર.ટી.એસ. બસસ્ટોપ સામે, રામદેવનગર, સૅટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૮૬૧૦૫૫ ૧/૮ ડેમી. પૃષ્ઠસંખ્યા : ૧૩૦. આકર્ષક રંગબેરંગી મુખપૃષ્ઠ : મૂલ્ય : રૂા. ૬૦/-. સદ્‌વિચાર પરિવાર દ્વારા આયોજિત 'મનનો જમણવાર' વ્યાખ્યાનમાળા, જે પ્રતિવર્ષ જાન્યુ ૬થી ૧૦ દરમિયાન અમદાવાદ મુકામે યોજાય છે એમાં ગુજરાતનાં વિદૂષી, સારસ્વત ને સાધક શ્રી જ્યોતિબહેન પ્રેરક પ્રવચનો રજૂ કરે છે. એ પ્રવચનોમાંનાં કુલ ૩૧ પ્રવચનો, જે અગાઉ સુવિચાર માસિકમાં શ્રેણીબદ્ધ પ્રસિદ્ધ થયાં હતાં તે હવે પુસ્તકાકાર ધારણ કરે છે. શ્રી જ્યોતિબહેનની વાક્‌ધારા અને એમની લેખિનીથી ગુજરાત સુપરિચિત છે. પુસ્તકનું વાચન કરવું તે આનંદનો ઉત્સવ મનાવવા સમાન બની રહે છે.

*

**મહાસિદ્ધિ ઉપસિદ્ધિ - ગૌણસિદ્ધિ : શ્રી નવીનચંદ્ર નંદલાલ પાઠક :** પ્રકાશક : શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ નારેશ્વર, પો. સાયર, વાયા અંકલેશ્વર - ૩૯૩૧૦૭ - ફોન : ૦૨૬૬૬-૨૫૩૨૯૩. પૃષ્ઠ : ૮+૨૩૨=૨૪૦. સામાન્ય કક્ષાના કાગળ પર છાપકામ થયેલું છે. મુખપૃષ્ઠ : આર્ટ કાર્ડ પર પૂ. બાપજીની રંગબેરંગી નયનરમ્ય છબી. મૂલ્ય : રૂા. ૩૦/-. 'નારેશ્વરનો નાદ' માસિકમાં સિદ્ધિ વિષયક લેખમાળા પ્રસિદ્ધ થઈ હતી તે આ પુસ્તકાકારે રજૂ થઈ છે. લેખમાળા વાચકોમાં પ્રિય થઈ પડી હતી. કુલ ૨૩ સિદ્ધિઓ વિશે એમાં જણાવવામાં આવ્યું છે. શ્રી નવીનચંદ્ર પાઠક સંનિષ્ઠ સાધક હોવા ઉપરાંત અધ્યાત્મના અભ્યાસી અને સારા લેખક પણ છે. વાંચવાલાયક પુસ્તક.

*

# ૨૯ ફેબ્રુઆરી - પ્રભુનો દિવસ

૨૯ ફેબ્રુઆરી, ૨૦૧૬, શ્રી માતાજીએ જે આધ્યાત્મિક ઘટનાને 'પૃથ્વી પર અતિમનસનો આવિર્ભાવ' તરીકે વર્ણવી છે એ ઘટનાની ૧૫મી વર્ષગાંઠ છે. (અતિમનસના આવિર્ભાવની ઘટના ૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬ના રોજ ઘટી હતી.) ત્યારબાદ દર ચાર વર્ષે ૨૯ ફેબ્રુઆરીનો દિવસ ૧૯૬૦, ૬૪, ૬૮, ૭૨, ૭૬, ૮૦, ૮૪, ૮૮, ૯૨, ૯૬, ૨૦૦૦, ૨૦૦૪, ૨૦૦૮, ૨૦૧૨ ને હવે ૨૦૧૬માં આવ્યો છે.

શ્રી માતાજીએ લખી જણાવ્યું હતું :

**''હવે પછી, ૨૯ ફેબ્રુઆરીનો દિવસ, પ્રભુનો દિવસ ગણાશે.''**

અને તેઓએ એને 'સુવર્ણ દિન' તરીકે ઓળખાવ્યો. પૃથવીના આધ્યાત્મિક ઈતિહાસમાં સિદ્ધ થયેલી આ મહાન ઘટનાને માટે શ્રી અરવિન્દ તથા શ્રી માતાજીએ દશકાઓ સુધી કાર્ય કર્યું અને એ અવતરણને ઝડપી બનાવવાના હેતુપૂર્વક શ્રી અરવિન્દે ૧૯૫૦માં પોતાનો દેહ ત્યજી દીધો હતો. પછી એ અવતરણ ૧૯૫૬માં શક્ય બન્યું.

૧૯૫૬માં ૨૯મી ફેબ્રુઆરીએ શું બન્યું અને અતિમાનસિક જગત શું છે એ માનવ મન, એની હાલની સ્થિતિમાં સમજી શકે એમ નથી. અલબત્ત શ્રી માતાજીએ ભારપૂર્વક જણાવ્યું જ છે કે એક દિવસ એવો જરૂર આવશે જ્યારે પ્રત્યેક વ્યક્તિને આ સત્ય સ્વીકારવાની ફરજ પડશે.

પ્રસ્તુત અંકમાં 'ભાવિ તરફ લઈ જતા માર્ગ' વિશે શ્રી માતાજીએ જે જણાવ્યું છે અને તે વિશે શ્રી અરવિન્દનું જે દર્શન છે તે રજૂ કરતાં લખાણો પ્રસિદ્ધ કર્યાં છે, જે જગતને એ વાતની ખાતરી કરાવે છે કે વર્તમાન પરિસ્થિતિ આપણને ભલે ગમે તેવી લાગે 'ભાવિ સુંદર જ છે.' આપણે આશાવાદી બની રહીએ.

તંત્રી

(વર્ષ ૦૨ : અંક ૩)

RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા

છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦

વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦

વિદેશ માટે-હવાઈ માર્ગે

અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

દરિયાઈ માર્ગે, અમેરિકન ડોલર ૧૫

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,

શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,

દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧

ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫

E-mail : sasvadodara@aurosociety.org

વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,

આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦

E-mail : vishal6090@gmail.com

*

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**